dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 178 | AD - 2025, Chaitra Sud - 06 | Thursday, Dt.03-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### બિલ રજૂ કરતી વખતે સરકારે મુસ્લિમોને પાંચ ખાતરી આપી

# વિપક્ષોના હોબાળા વચ્ચે લોકસભામાં વકફ બિલ રજૂ

નવીદિલ્હી,તા.૦૨

બુધવારે બપોરે લોકસભામાં વકફ સુધારા બિલ ૨૦૨૫ રજૂ કરવામાં આવ્યું હતું. સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ પ્રશ્નકાળ પછી, બપોરે લોકસભામાં ચર્ચા માટે તેને રજૂ કર્યું. આ બિલ પર ચર્ચા માટે ૮ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો છે. સંસદમાં બિલ રજૂ કરતી વખતે વિપક્ષ તરફથી ઘણો હોબાળો થયો. વિપક્ષે ચર્ચાનો સમય વધારીને ૮ને બદલે ૧૨ કલાક કરવાની પણ માંગ કરી છે. બિલ રજૂ કરતી વખતે સરકારે મુસ્લિમોને ૫ ખાતરી આપી છે. બિલ રજૂ કરતી વખતે, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ મુસ્લિમોને પાંચ ખાતરી આપી હતી, જેમાં મસ્જિદો સામે કાર્યવાહી કરવાનો ઈનકાર કરવામાં આવ્યો છે. ધાર્મિક પ્રવૃત્તિઓમાં દખલ નહીં કરવાનું પણ વચન તેમાં સામેલ છે. વિપક્ષે બિલ પર ચર્ચા કરવા માટે વધુ સમયની માંગણી કરીને હોબાળો મચાવ્યો હતો. સરકારે દાવો કર્યો હતો કે આ બિલ ફક્ત વકફ મિલકતો સાથે સંબંધિત છે અને તેને ધાર્મિક સ્થળો સાથે કોઈ પણ પ્રકારે લેવાદેવા નથી.

સંસદમાં બિલ રજૂ કરતી વખતે, કિરેન રિજિજુએ મુસ્લિમોને ખાતરી આપી હતી કે આ બિલમાં કોઈપણ મસ્જિદ સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવાની જોગવાઈ નથી. આ ફક્ત મિલકતનો મામલો છે; આ બિલનો ધાર્મિક સંસ્થાઓ સાથે કોઈ સંબંધ નથી. સરકારે કહ્યું કે, વકફ સુધારા બિલમાં કોઈપણ ધાર્મિક સ્થળ કે મસ્જિદના સંચાલનમાં કોઈપણ પ્રકારની



દખલગીરી માટે કોઈ જોગવાઈ નથી. આમાં કોઈ ફેરફાર કે હસ્તક્ષેપ થશે નહીં. વકફ સુધારા બિલમાં કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિમાં દખલગીરીની કોઈ જોગવાઈ નથી. અમે કોઈપણ મસ્જિદના કામકાજમાં દખલ કરવાના નથી. વકફ બોર્ડ કાયદાના દાયરામાં રહેશે, તેમાં કાયદાની વિરુદ્ધ કંઈ કરવામાં આવશે નહીં. રિજિજુએ કહ્યું કે કલેક્ટર રેન્કથી ઉપરનો કોઈપણ અધિકારી સરકારી જમીન અને કોઈપણ વિવાદિત જમીન સંબંધિત વિવાદની તપાસ કરશે. જ્યારે આપણે વકફ મિલકત બનાવીએ છીએ, ત્યારે આપણે કોઈ આદિવાસી વિસ્તારમાં જઈને તે કરી શકતા નથી. આ પરિવર્તન મહત્વપૂર્ણ છે. કોઈપણ મસ્જિદ સામે કોઈ કાર્યવાહી કરવાની કોઈ જોગવાઈ નથી. સરકારે કહ્યું કે આ બિલમાં મસ્જિદના સંચાલનમાં દખલગીરીની કોઈ જોગવાઈ નથી. સરકારે વચન આપ્યું હતું કે કાઉન્સિલના કેન્દ્રમાં કુલ ૨૨ સભ્યોમાંથી ૪ થી વધુ સભ્યો બિન-મુસ્લિમ હોઈ શકશે નહીં. ભૂતપૂર્વ અધિકારીઓ સહિત ૩ સંસદ સભ્યો ચૂંટાશે. સંસદના સભ્યો કોઈપણ ધર્મના હોઈ શકે છે. લોકસભામાં વક્ફ સંશોધન બિલ રજૂ કર્યા બાદ સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂએ કહ્યું કે હું એ કહેવા માંગુ છું કે બંને સદનોની સંયુક્ત સમિતિમાં વક્ફ સંશોધન બિલ પર જે ચર્ચા થઈ છે તે ભારતના સંસદીય ઈતિહાસમાં આજ સુધી ક્યારેય થઈ નથી. હું સંયુક્ત સમિતિના તમામ સભ્યોનો આભાર માનુ છું અને શુભેચ્છા પાઠવું છું. અત્યાર સુધીમાં વિવિધ સમુદાયોના રાજ્ય ધારકોના કુલ ૨૮૪ પ્રતિનિધિમંડળોએ સમિતિ સમક્ષ પોતાના વિચાર અને સૂચનો રજૂ કર્યા છે. ૨૫ રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના વક્ફ બોર્ડે પણ પોતાની રજૂઆત કરી છે. તેમણે એમ પણ કહ્યું કે મને માત્ર આશા નહીં પરંતુ પૂરેપૂરો વિશ્વાસ છે કે આ બિલનો વિરોધ કરનારાઓના દિલમાં પણ બદલાવ આવશે. દરેક સકારાત્મક દ્રષ્ટિકોણની સાથે આ બિલનું સમર્થન કરશે.

# મધ્યપ્રદેશમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ : બે મહિલા નક્સલીને ઠાર મરાઈ

બાલાઘાટ,તા.૦૨

મધ્યપ્રદેશના બાલાઘાટ અને મંડલા જિલ્લાની સરહદ પર પોલીસ અને નક્સલીઓ વચ્ચે થયેલી અથડામણમાં બે મહિલા નક્સલીઓ માર્યા ગયા છે. બાલાઘાટના પોલીસ અધિક્ષક એસપી રજત સકલેચાએ આ વાતની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે આ એન્કાઉન્ટર બુધવારે સવારે થયું હતું. સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે ગોળીબાર થયો, જે દરમિયાન બંને મહિલા નક્સલીઓએ પોતાનો જીવ ગુમાવ્યો. તેમના કબજામાંથી એક SLR રાઈફલ, એક રાઈફલ, વાયરલેસ સેટ અને રોજિંદા ઉપયોગની અન્ય વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. પોલીસ અને હોક ફોર્સ દ્વારા શોધખોળ ચાલુ



છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બંને મૃત નક્સલીઓ પર ૧૪-૧૪ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં નક્સલવાદી પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા માટે ખાસ રચાયેલ હોક ફોર્સનો સમાવેશ થાય છે. આ દળ મધ્યપ્રદેશના તે વિસ્તારોમાં સક્રિય છે જ્યાં લાંબા સમયથી નક્સલવાદી પ્રવૃત્તિઓ જોવા મળી રહી છે. પોલીસનો દાવો છે કે આ કાર્યવાહીનો ઉદ્દેશ્ય વિસ્તારમાં નક્સલવાદીઓના પ્રભાવને નબળો પાડવાનો અને સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવાનો છે. બાલાઘાટ અને મંડલા જિલ્લાઓને નક્સલ પ્રભાવિત વિસ્તાર માનવામાં આવે છે. આ વિસ્તારોમાં સમયાંતરે નક્સલવાદી પ્રવૃત્તિઓના સમાચાર આવતા રહે છે. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ સતત નક્સલ વિરોધી કાર્યવાહી કરી રહી છે. પોલીસનું કહેવું છે કે તેમને ગુપ્તચર સૂત્રો પાસેથી માહિતી મળી હતી કે નક્સલવાદીઓ આ વિસ્તારમાં સક્રિય છે અને કોઈ મોટી ઘટનાને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા છે. આ માહિતીના આધારે, સુરક્ષા દળોએ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું અને એન્કાઉન્ટર થયું હતું.

# પૂંછ જિલ્લામાં યુધ્ધવિરામનો ભંગ કરી પાકિસ્તાને ફાયરિંગ કરતા ભારતીય સેનાની જવાબી કાર્યવાહી

શ્રીનગર,તા.૦૨

પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લાના કૃષ્ણા ઘાટી સેક્ટરમાં યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરીને ભારતીય ચોકીઓ પર ગોળીબાર કર્યો છે. મંગળવારે થયેલા આ નાપાક કૃત્યનો ભારતીય સેનાએ પણ યોગ્ય જવાબ આપ્યો છે. ભારતીય સૈનિકોની જવાબી કાર્યવાહીથી પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે. તાજેતરમાં આ પ્રદેશમાં આતંકવાદી ઘટનાઓમાં વધારો થયા બાદ નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ બંને પર પરિસ્થિતિ તણાવપૂર્ણ છે. વધતા જતા ખતરાને ધ્યાનમાં રાખીને,



સેનાએ તેની તકેદારી વધારી દીધી છે. ભારતીય સેનાએ કહ્યું છે કે કૃષ્ણા ઘાટી સેક્ટરમાં ખાણ વિસ્ફોટ નિયંત્રણ રેખા પારથી પાકિસ્તાની સેનાની ઘૂસણખોરીને કારણે થયો હતો. આ પછી પાકિસ્તાની સેનાએ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો અને યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય સૈનિકોએ અસરકારક જવાબ આપ્યો છે. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને કડક દેખરેખ રાખવામાં આવી રહી છે. ભારતીય સેનાએ કહ્યું છે કે તે નિયંત્રણ રેખા પર શાંતિ જાળવવા માટે ૨૦૨૧ ના ડીજીએસએમઓ કરારને મહત્વ આપે છે. નિયંત્રણ રેખા પર થયેલી આ ઘટના બાદ ભારતીય સેના સંપૂર્ણપણે સતર્ક છે. સેનાને આ વિસ્તારમાં કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવા સૂચના આપવામાં આવી છે. સેનાના અધિકારીઓ સતત ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે અને કોઈપણ પ્રકારની ઘૂસણખોરી કે હુમલાના પ્રયાસને નિષ્ફળ બનાવવા માટે તૈનાત છે. પૂંછના કૃષ્ણા ઘાટી સેક્ટરમાં અગાઉ પણ ઘણી વખત યુદ્ધવિરામની સ્થિતિ જોવા મળી છે.






# મહાદેવ એપ કૌભાંડમાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને આરોપી બનાવતી સીબીઆઈ



### સીબીઆઈએ બઘેલના નિવાસસ્થાન સહિત ૬૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા

નવીદિલ્હી,તા.૦૨

મહાદેવ સટ્ટાબાજી એપ કૌભાંડમાં નોંધાયેલી એફઆઈઆરમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા ભૂપેશ બઘેલનું નામ આરોપી તરીકે રાખ્યું છે. સીબીઆઈએ કહ્યું છે કે બઘેલ આ કૌભાંડના લાભાર્થીઓમાંના એક છે. અગાઉ, ૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના કૌભાંડમાં છત્તીસગઢ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા નોંધાયેલી એફઆઈઆરમાં બઘેલનું નામ હતું. આ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નોંધાયેલા મની લોન્ડરિંગ કેસના આધારે ઈઓડબ્લ્યુએ એફઆઈઆર નોંધી હતી. એફઆઈઆરમાં ૧૯ નામાંકિત આરોપીઓમાંથી બઘેલને છઠ્ઠા આરોપી તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. જ્યારે રાજ્ય સરકાર કોઈ કેસની તપાસ સીબીઆઈને સોંપે છે, ત્યારે પ્રક્રિયા મુજબ, કેન્દ્રીય એજન્સી રાજ્ય પોલીસની એફઆઈઆરને પોતાના કેસ તરીકે ફરીથી નોંધે છે. એફઆઈઆરને તપાસનું પ્રારંભિક બિંદુ માનીને, કેન્દ્રીય એજન્સી કેસની તપાસ કરે છે અને તેના તારણો અંતિમ અહેવાલના રૂપમાં વિશેષ કોર્ટમાં રજૂ કરે છે, જેમાં એફઆઈઆરમાં કરાયેલા આરોપોનો સમાવેશ થઈ શકે છે અથવા ન પણ થઈ શકે. આ વર્ષે ૨૬ માર્ચે, સીબીઆઈએ બઘેલના નિવાસસ્થાન સહિત ૬૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા અને તપાસ કરી હતી.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા. ૦૩-૦૪-૨૦૨૫

## રાજયભરનાં પત્રકારોએ ચોથી જાગીર સામે થતી અભદ્ર ટીપ્પણીઓથી નારાજગી વ્યક્ત કરી

# પત્રકારો વિશે ખરાબ ટીપ્પણી સામે અમરેલીમાં આવેદનપત્ર

અમરેલી,તા.૦૨

અમરેલી પત્રકાર એકતા પરિષદ દ્વારા જિલ્લાના તમામ તાલુકાઓમાંથી કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું હતું, રાજકીય આગેવાનો દ્વારા પત્રકારો વિશે ટિપ્પણી કરવામાં આવે છે કે પત્રકારો તોડબાજ હોય છે. વારંવાર પત્રકારો વિશે ખરી-ખોટી ટિપ્પણી બાબતે





સમગ્ર ગુજરાતભરમાં આ બાબતે પડઘા પડ્યા હતા. આવા નિવેદન આપતા નેતાઓને સૂચના આપવામાં આવે તેવા હેતુથી તા.૦૨ના રોજ રાજયભરમાં પત્રકાર એકતા પરિષદ દ્વારા જિલ્લા કક્ષાએ તમામ તાલુકાઓના હોદેદારોએ હાજર રહી જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું હતું. રાજકીય નેતાઓ દ્વારા પત્રકારો માટે આવી છેલ્લી કક્ષાની ભાષા વાપરવામાં આવતી હોવાથી પત્રકાર જગતમાં નારાજગી જોવા મળી હતી. ફરી ક્યારેય આવા પ્રકારની નીચલી કક્ષાની રાજનીતિ કરવા માટે પત્રકારોને નીચા દેખાડવામાં ન આવે તેના માટે રાજયભરમાં જિલ્લા કક્ષાએ આવેદન પાઠવી પત્રકારોની આ વાત સરકાર સુધી પહોંચે તેવી જિલ્લા કલેકટરોને રજૂઆત કરવામાં આવી હતી.

### વારંવાર પત્રકારો વિશે થતી આવી ટિપ્પણી રોક્વામાં આવે : સુરેશ દેસાઈ(પ્રમુખ: અમરેલી જિલ્લા પત્રકાર એકતા પરિષદ)

અમરેલી પત્રકાર એકતા પરિષદ જિલ્લા પ્રમુખ સુરેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે વારંવાર પત્રકારો વિશે થતી આવી ટિપ્પણીને રોક્વામાં આવે અને દુનિયાની ગણાતી ચોથી જાગીરને આમ રોડ ઉપર બદનામ કરવામાં ન આવે. રાજકીય આગેવાનો દ્વારા કરાયેલા આવા નિવેદનોના કારણે પત્રકાર જગતમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે ફરી ક્યારેય આવી ઘટના ન બને તે માટે પણ જિલ્લા પ્રમુખ સુરેશભાઈ દેસાઈએ કલેકટરના માધ્યમથી સરકાર સુધી રજૂઆત કરી છે.

# અમરેલીની મહિલાઓ માટે દિલ્હીમાં ત્રણ દિવસીય LDP કાર્યક્રમનો શુભારંભ

અમરેલી, તા.૦૨

યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ, ન્યુ દિલ્હી એન.સી.યુ.આઈ ખાતે અમરેલી જિલ્લાની મહિલાઓ માટે ત્રણ દિવસીય લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (LDP)નો શુભારંભ કરવામાં આવ્યો છે. ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના સહયોગથી અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાની વિવિધ સહકારી મંડળીઓ અને સખી મંડળોની ૪૩ મહિલાઓને એન.સી.યુ.આઈ ન્યુ દિલ્હી ખાતે ત્રણ દિવસીય લીડરશીપ ડેવલપમેન્ટ તાલીમ માટે



મોકલવામાં આવી છે. આ કાર્યક્રમનો શુભારંભ યુવા મનીષ સંઘાણી, એફપીઓ ડાયરેક્ટર ધારા સંઘાણી, સાવિત્રીજી સિંહ, ઈન્દ્રપ્રિત કોર, હેમત યાદવ, ગોવિંદ પ્રકાશ, અલ્પાબેન રામાણી અને એક્ઝિક્યુટિવ ઓફિસર ભાર્ગવ ત્રિવેદીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

# ગાધકડા રેલ્વે સ્ટેશન પર મહુવા-સુરત અને બાંદ્રા-સુરત-મહુવા ટ્રેનના સ્ટોપની માંગ

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રાજાશાહી વખતના રેલ્વે સ્ટેશન પર મહુવા-સુરત અને બાંદ્રા-સુરત-મહુવા લાંબા રૂટની ટ્રેનના સ્ટોપની માંગણી ઉઠી છે. તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડિયાએ રેલ્વે વિભાગને રજૂઆત કરી છે કે આ સ્ટેશન પર આ ટ્રેનોના સ્ટોપથી



આજુબાજુના ૩૦ ગામોના લોકોને ફાયદો થશે. હાલમાં આ સ્ટેશન પર માત્ર લોકલ ટ્રેનો જ થોભે છે. આ ટ્રેનોને દામનગરથી લોકલ ટ્રેન તરીકે જાહેર કરવામાં આવી છે, પરંતુ ગાધકડા સ્ટેશન પર તેમનો સ્ટોપ નથી. જેના કારણે મુસાફરોને સાવરકુંડલા ઉતરવાની ફરજ પડે છે, જે રોડ માર્ગે ૧૫ કિમી દૂર છે. કાછડિયાએ જણાવ્યું હતું કે, ગાધકડા રેલ્વે સ્ટેશનની આજુબાજુના મોટાભાગના લોકો અમદાવાદ, વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, સુરત, નવસારી, વાપી અને મુંબઈ જેવા શહેરોમાં ધંધા માટે આવ-જા કરે છે. જો આ ટ્રેનોને ગાધકડા સ્ટેશન પર ૨ મિનિટનો સ્ટોપ આપવામાં આવે તો લોકો માટે ખૂબ જ સુવિધાજનક રહેશે. સાથે જ પ્લેટફોર્મ બનાવવાની પણ માંગ કરવામાં આવી છે.

# બાબરાના ગરણી નજીક શક્તિધામ આશ્રમમાં ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ

બાબરા, તા.૦૨

ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે ત્યારે બાબરા તાલુકાના ગરણી અને થોરખાણ રોડ પર આવેલ શક્તિધામ આશ્રમ આઈ શ્રી વાલબાઈ માં ની જગ્યામાં પ્રથમ નોરતાંના વહેલી સવારથી જ ભક્તોની ભીડ ઉમટી પડી હતી અને શક્તિધામમાં જય માતાજીનો નાદ ગુંજી ઉઠ્યો હતો. ચૈત્રી નવરાત્રીના ત્રીજા નોરતે તન્વીબેન ગઢવી, દિપક જોષી, સુરેશ રબારી સહિતના કલાકારોએ રાસ ગરબાની ધૂમ મચાવી હતી. ચારણ જગદંબા આઈ શ્રી વાલબાઈમાંના વરદ હસ્તે



શક્તિ આરાધના કરવામાં આવી હતી ત્યારે ત્રીજાં નોરતાના દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ મહા પ્રસાદનો લાભ લીધો હતો. રાત્રીના ભવ્ય રાસ ઉત્સવમાં મોટી સંખ્યામાં બહેનોએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.

# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદની આગાહીને લઈ પાકને ઢાંકી દેવા અનુરોધ

અમરેલી, તા.૦૨

રાજયના વલસાડ, નવસારી, નર્મદા, તાપી, સુરત, ડાંગ, અરવલ્લી, દાહોદ, છોટા ઉદેપુર, મહિસાગર, પંચમહાલ, ભરૂચ, અમરેલી, વડોદરા, આણંદ, ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ સહિતના જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ તા.૦૩ એપ્રિલ સુધી હળવા વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. કમોસમી વરસાદથી થતાં પાક નુકસાનીથી બચવા માટે ખેડૂતોએ કાપણી કરેલા પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા, પ્લાસ્ટિક કે તાડપત્રીથી ઢાંકવા, જથ્થો પલળે નહિ તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવો. એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડૂતોને કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલા લેવા અનુરોધ છે.

# અમરેલીના યજ્ઞરાજ માંજરીયાએ પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી

અમરેલી, તા.૦૨

અમરેલીના સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા માંજરીયા પરિવારના યજ્ઞરાજ પોપટભાઈ માંજરીયાએ પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બિઝનેસ મેનેજમેન્ટ ભવન ખાતે ડો. હિતેશ શુક્લાના માર્ગદર્શન હેઠળ મેનેજમેન્ટ વિષયમાં



સંશોધન અધ્યયન કરી યજ્ઞરાજ માંજરીયાએ પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી છે. આ સાથે તેમણે અમરેલી જિલ્લાનું, કાઠી ક્ષત્રિય સમાજ અને માંજરીયા પરિવારનું ગૌરવ વધાર્યું છે. ડો. ભગીરથસિંહ નાનકુભાઈ માંજરીયા પણ માનવ અધિકાર વિષયમાં પી.એચ.ડી. થયેલા છે. ડો. યજ્ઞરાજ માંજરીયા અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.વડીયા શાખામાં સેવારત છે અને તેમણે અ.જી.મ.સ. બેંકનું ગૌરવ પણ વધાર્યું છે.

# અમરેલી શહેરમાં બીએપીએસ સંસ્થા દ્વારા સ્વામિનારાયણ જયંતિ સપ્તાહની ઉજવણી કરાશે

### બીએપીએસ સંસ્થાનાં હરિભક્તો પોતાના ઘરે ઘરસભા કરશે

અમરેલી, તા.૦૨

અમરેલી બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય



દિન ચૈત્ર સુદ નોમને ધામધૂમથી ઉજવવા આયોજન કરવામાં આવેલ છે. બીએપીએસ સંસ્થા દ્વારા આ ઉજવણી માટે તા.૨/૪ થી ૬/૪ સુધી સર્વે હરિભક્તો પોતાના ઘરે ઘરસભા કરશે, જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય ગુણો, પ્રતાપ અને સામર્થ્યનું પાન કરશે. આ માટે ઘરસભાનો કાર્યક્રમ તૈયાર કરી હરિભક્તોના ઘર સુધી પહોંચાડાશે. તા.૩ થી ૬ તારીખ સુધી પ્રમુખ વાટીકા અમરેલી મંદિર ખાતે દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ દરમિયાન શ્રી હરિ પર્વમાં વિદ્વાન સંતોના મુખેથી પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય ગુણોનું પાન કરાવાશે, જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો જોડાશે.

# અમરેલી જિલ્લા પંચાયતના પ્રતિનિધિઓ શેડુભાર પ્લોટ પ્રાથમિક શાળાની મુલાકાતે

### શિક્ષકો સાથે શાળાની સહઅભ્યાસિક પ્રવૃત્તિની ચર્ચા કરી

અમરેલી, તા.૦૨

અમરેલી તાલુકાના શેડુભાર પ્લોટ પ્રાથમિક શાળાની મુલાકાત મંગળવારે અમરેલી જિલ્લા શિક્ષણ



સમિતિના પ્રતિનિધિઓએ લીધી હતી. જેમાં ચેરમેનના પ્રતિનિધિ ભીખાભાઈ એમ.ધોરાજીયા, જિ.પં. સિંચાઈ સમિતિ ચેરમેનના પ્રતિનિધિ લાલભાઈ મોર અને જિ. શિક્ષણ સમિતિ સભ્ય શરદભાઈ ગૌદાણીનો સમાવેશ થાય છે. તેમણે શાળાના નવીનીકરણ સાથે ખેલો ઈન્ડિયાના સૂત્રને સાકાર કરવા બાળકો માટે રમત-ગમતના મેદાન સાથે શાળાની સહ અભ્યાસિક પ્રવૃત્તિની ઘનિષ્ઠ ચર્ચા શિક્ષકો સાથે કરી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# રાજુલાનાં ડુંગર ગામે વીજચોરી કરતા બે શખ્સોને ઝડપી પાડતી પોલીસ

**રાજુલા પોલીસ અને પીજીવીસીએલની ટીમ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું**



રાજુલા, તા.૨

રાજુલાનાં ડુંગર ગામે અમુક તત્વો દ્વારા વીજચોરી થતી હોવાની બાતમી મળતા પોલીસ અને પીજીવીસીએલની ટીમ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવતા બે ઈસમોનાં ઘરેથી વીજચોરી થતી હોવાનું માલુમ પડતા વીજતંત્ર દ્વારા દંડ ફટકારવામાં આવ્યો હતો. અમરેલી જિલ્લામાં અસામાજીક તત્વો સામે ધોંસ બોલાવવા જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા સૂચના આપવામાં આવતા ડુંગર પીઆઈ વી.એસ.પલાસની ટીમ તથા પીજીવીસીએલ રાજુલાની ટીમ દ્વારા ડુંગર ટાઉન વિસ્તારમાં રહેતા કાદર જમાલ જાખરા અને ઈકબાલ જુસબ ગાહા પોતાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે વીજચોરી કરતા મળી આવતા પીજીવીસીએલની ટીમે દંડનીય કામગીરી હાથ ધરી હતી.

# ધારીના શેલખંભાળીયામાંથી ગેરકાયદેસર વીજચોરી કરનાર શખ્સને ઝડપી દંડ ફટકારાયો

**ચલાલા પોલીસ અને પીજીવીસીએલની ટીમ દ્વારા તપાસ કરી કેબલ વાયર કબ્જે કરાયો**



અમરેલી, તા.૨

અમરેલી જિલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ, જુગાર, શરીર સંબંધી, મિલકત સંબંધી, ગેરકાયદેસર માઈનીંગ તેમજ અન્ય વારંવાર ગુનાઓ કરતા કુલ ૧૧૩ ઈસમોની યાદી તૈયાર કરવામાં આવેલ હોય જેથી આવા ઈસમો સામે અગાઉના ગુનાઓમાં મળેલ જામીન બાદ આચરેલ ગુનાઓ મળ્યેથી આવા તત્વો સામે પોલીસ નજર રાખી રહી છે. જે અન્વયે ચલાલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અને અસામાજીક પ્રવૃત્તિ કરતા ઈસમોનાં રહેણાંક મકાને ચલાલા પોલીસ તથા પીજીવીસીએલની ટીમના કર્મચારીઓએ સાથે રહી ગેરકાયદેસર વીજ જોડાણ કરતા ઈસમોને પકડી વીજ મીટર તથા કેબલ વાયર કબ્જે કરવાની કાર્યવાહી ધરવામાં આવી હતી. જેમાં શેલ ખંભાળીયા ગામે રહેતા રાજવીર બળવંતભાઈ વાળાનાં રહેણાંક મકાનમાં ગેરકાયદેસર વીજ જોડાણ હોય તે ઝડપી પાડી તેની સામે ગુનો નોંધી પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

# અમરેલીમાં આગામી મે મહિનામાં સર્વ જ્ઞાતિ સમૂહલગ્ન યોજાશે

**૧૨૫ વસ્તુ દાન-ભેટ દાતાઓ તથા સમિતિ તરફથી અપાશે**

અમરેલી, તા.૦૨

અમરેલી શહેર ખાતે આગામી તા.૧૦/૦૫/૨૦૨૫ના રોજ જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ દ્વારા ૩૦મા સર્વ જ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં મર્યાદિત સંખ્યામાં સમૂહલગ્ન યોજાશે. સમૂહલગ્ન સમિતિ દ્વારા નવદંપતીઓ તથા ઘર પરિવાર માટે કુલ ૧૨૫ વસ્તુ દાન-ભેટ દાતાઓ તથા સમિતિ તરફથી આપવામાં આવશે. આથી સમૂહલગ્નમાં નોંધણી માટે અમરેલીના ધીરૂભાઈ મકવાણા-૯૮૭૯૨૭૭૬૮૪, મુકેશભાઈ સોલંકી-૯૮૨૫૨૭૮૭૨૯ (નારાયણ પ્લાઝા, પહેલો માળ, ભીડભંજન મહાદેવ મંદિર સામે, અમરેલી), જયેશભાઈ થળેસા ૯૮૨૫૫૫૪૯૧૨નો સંપર્ક કરવો.

# લીલીયા વન્યપ્રાણી રેન્જ દ્વારા વન્યપ્રાણીઓ સાથે જાગૃતિ ડ્રાઈવનું આયોજન કરાયુ

અમરેલી,તા.૦૨



લીલીયા વન્યપ્રાણી રેન્જ દ્વારા અમરેલી, લીલીયા અને કુંકાવાવ તાલુકાના ૬૩ ગામોમા વન્યપ્રાણી સાથે લોકોનું ઘર્ષણ અટકાવવા અવેરનેસ ડ્રાઈવનું આયોજન કરાયુ હતું. લીલીયા વન્યપ્રાણી રેન્જ દ્વારા આ વિશેષ ડ્રાઈવનું આયોજન છેલ્લા એક મહિનાના સમયગાળા દરમિયાન કરવામાં આવ્યું હતું. લીલીયા તાલુકાના ક્રાંકચ, સલડી, બોડીયા, બવાડી, ઈંગોરાળા, સનાળીયા, અમરેલી તાલુકાના રાજસ્થળી, માંગવાપાળ, બાબાપુર, સરંભડા, વાંકીયા, ગાવડકા, કુંકાવાવ તાલુકાના રામપુર, તોરી, ઢુંઢીયા પીપળીયા, મોરવાડા, બાટવા દેવળી, બરવાળા બાવળ, અરજણસુખ વિગેરે ગામમાં આ માટે વિશેષ શિબિરો યોજવામાં આવી હતી. મોટેભાગે સિંહ, દીપડા જેવા વન્યપ્રાણી સાથે માણસનું ઘર્ષણ જોવા મળે છે. ત્યારે ખેતીકામ કરતી વખતે અને રાત્રીના સમયે વાડી ખેતરમાં રહેતી વખતે શું સાવચેતી રાખવી ?, વૃધ્ધો અને બાળકોને લઈને શું સાવચેતી રાખવી ? તે અંગે સમજ અપાઈ હતી.

# દામનગરમાં ખુલ્લી કુંડી કોઈનો ભોગ લેશે તેવો ભય

દામનગર, તા.૦૨

દામનગરમાં ઠાસા રોડ પર તંત્રની બેદરકારીના કારણે ખુલ્લી કુંડી કોઈનો ભોગ લેશે તેવો ભય લોકોમાં વ્યાપ્યો છે. તંત્રએ લાખ્ખો રૂપિયાનાં ખર્ચની યોજના નીચે બનાવેલ કુંડી ઉપર ઢાંકણું ફિટ કરાતું ન હોય કોઈપણ વ્યક્તિ અથવા - પશુ અંદર પડી જવાની ભીતિ રહેતી હોય છે, જે કુંડીઓમાં ઢાંકણા ન હોય ત્યાં ફિટ કરવામાં આવે તો જ યોજના સફળ ગણાય.

# અવસાન નોંધ

**અકાળા**

લાઠીના અકાળા ગામના શંભુભાઈ રણછોડભાઈ કથીરીયા (ઉ.વ.૯૫) જે ધનજીભાઈ શંભુભાઈ, હરેશભાઈ શંભુભાઈના પિતા અને પિયુષ ધનજીભાઈ કથીરીયાના દાદા તા.૩૧/૩/૨૫ ને સોમવારે સ્વર્ગવાસ થયેલ છે. સદગતની ઉત્તરક્રિયા તા.૧૧/૪/૨૫ ને શુક્રવારે લાઠીના અકાળા ખાતે રાખવામાં આવેલ છે.

**રાજુલા**

રાજુલા નિવાસી (કાઠી ગોર) રાજગોર બ્રાહ્મણ સ્વ.કાનજીભાઈ રણછોડભાઈ મહેતા (ઉં.વ. ૮૪) તારીખ ૧/૪/૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૫ કલાકે તેઓનું અવસાન થયેલ છે. તેઓ ઉમેશભાઈ મહેતા તથા દેવાંગભાઈ મહેતા, હર્ષાબેન જગદીશભાઈ વેગડા, ભાવનાબેન ભરતભાઇ જોષી (સાવરકુંડલા), નયનાબેન જગદીશભાઈ જોષી (વિસાવદર) તથા દયાબેન દિનેશભાઈ દવે(રાજુલા)નાં પિતાશ્રી થાય. તેમજ ઘનશ્યામભાઈ જીવરામ મહેતા તથા જીતુભાઈ જીવરામભાઈ મહેતાના કાકા થાય તેમજ કુલદીપભાઇ, જયનીલભાઈ, દિપકભાઈ, પ્રણવભાઈ, ગોપાલભાઈ અને રજનીભાઇના દાદા થાય તેમજ બળવંતભાઈ જાની તથા ભરતભાઇ જાની વાવેરાના બનેવીનું દુઃખ અવસાન થયેલ છે. તેઓનું સદગતનું બેસણું તારીખ ૩/૪/૨૦૨૫ને ગુરૂવારના રોજ સમયઃ બપોરે ૩ થી ૬ તેમના નિવાસ સ્થાને બાવળિયા વાડી, ધરતી મારબલ વાળી શેરી, જાફરાબાદ રોડ રાજુલા ખાતે રાખવામાં આવેલ છે.

**તળાજા**

તળાજા દેવેન્દ્રભાઈ ભરતભાઈ પરમારના પુત્રી હરસિદ્ધિબા (ઉ.વ.૧૭) તા.૩૦/૩ને રવિવારે રામચરણ પામેલ છે. તે નારસિંહભાઈ, નીતિનભાઈ, જિતેન્દ્રભાઈ, ધર્મેન્દ્રભાઈ, સ્વ. અનોપસિંહના નાનાભાઈની દીકરી, દિપકસિંહના ભત્રીજી, મહુવા નિવાસી ચૌહાણ રાજુભાઈ, દિલીપભાઈ, રાયશંગભાઈના ભાણેજ થાય. તેમની સાદડી તા.૩/૪ને ગુરુવારે સવારે ૮ થી ૧૧, પરજીયા સોની જ્ઞાતિની વાડી, રામપરા રોડ રાખેલ છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(બહેનો),ચક્કરગઢ રોડ,અમરેલી -Ad 001
સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ - ગર્લ્સ સ્કૂલ - બપોર
સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ - મિશ્ર સ્કૂલ - સવાર
સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ - ઈ.મી. સ્કૂલ - સવાર
★ ગુજરાતી મિડીયમ સાયંસ સવાર – બપોર ★ ઈંગ્લીશ મિડીયમ સાયંસ સવાર
★ A & B ગૃપ – JEE-NEET-GUJCET - ડેઈલી ક્લાસ – ડેઈલી પ્રેક્ટીકલ
★ ધો. ૧૦ A1-A2 ને ધો. ૧૧–૧૨ ફી રાહત – ધો. ૧૨ A1-A2 ને ધો. ૧૧–૧૨ ફી શરતી પરત







## ખેરા ગ્રામ પંચાયત તા. રાજુલા, જી. અમરેલી

**જાહેર હરરાજી**

આથી તમામ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ખેરા ગામમાં ચોક તથા મેઈન બજારની બાજુમાં આવેલ જુની ગ્રામ પંચાયત ઓફીસ તથા કોમ્યુનીટી હોલ જર્જરીત હોય તેના ઉભા ઈમલાની જાહેર હરરાજી આગામી તારીખ ૧૧/૪/૨૦૨૫ ને શુક્રવાર ના રોજ સવારે ૧૧: ૩૦ કલાકે જાહેર હરરાજી રાખેલ હોય તો રસ ધરાવતા તમામ વ્યકિતીઓએ હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે. ગ્રામ પંચાયતની અપસેટ પ્રાઈઝ રૂા. ૮૩૦૦/- નક્કી થઈ છે. તથા કોમ્યુનીટી હોલની અપસેટ પ્રાઈઝ રૂા. ૧૧૦૦૦/- નકકી થઈ છે.

**હરરાજીની તારીખ :- ૧૧/૪/૨૦૨૫ ને શુકવાર**
**સમય :- ૧૧:૩૦ કલાકે**

સરપંચશ્રી - ખેરા ગ્રામ પંચાયત
મો. નં. - ૯૫૫૮૬૬૪૧૪૯
તલાટી કમ મંત્રી - ખેરા ગ્રામ પંચાયત
મો. નં. - ૮૩૪૭૧૬૧૬૭૪

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ નં.૧૨/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી શશીકાન્ત મોહનભાઈ વાઢીયા
રે.સીટી સ્કેન, ફલેટ નં.૫૦૧, અંબાજી, કડવા મેઈન રોડ, મુ. રાજકોટ
.....**અરજદાર**

વકીલશ્રી, જે.બી. પરમાર રહે. મુ. કોડીનાર. તા. કોડીનાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફીસરશ્રી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના કોડીનાર ગામ/વિસ્તારના રહીશ શ્રી શશીકાન્ત મોહનભાઈ વાઢીયા ના માતૃશ્રી ઉજીબેન મોહનભાઈ વાઢીયા નું મરણ તા.૧૯/૦૩/૨૦૧૯ ના રોજ કોડીનાર ખાતે મરણ થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર નગરપાલિકાના સને ૨૦૧૯ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૪/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૮/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## મોટા ઝીંઝુડા ગ્રામ પંચાયત કચેરી, તા.સાવરકુંડલા

**જાહેર નિવિદા**

આથી રસ ધરાવનાર તમામ વેપારી - આસામીઓને જાણ કરવામાં આવે છે કે, વર્ષ ૨૦૨૫/૨૬ માટે મોટા ઝીંઝુડા ગ્રામ પંચાયત દ્વારા ૧૫ માં નાણાપંચ હેઠળ વિકાસના કામો તેમજ ૧૫% વિવેકાધીન, સાંસદ, એમ.એલ.એ. યોજના, એ.ટી.વી.ટી. યોજના અન્ય તમામ ગ્રાન્ટો તથા સ્વભંડોળમાંથી કામો કરવાના થતા હોય નીચેની વિગતેના માલ-સામાન મંજુરીના ભાવ ગ્રા.પંચાયત કચેરી મોટા ઝીંઝુડા ગ્રામ પંચાયત ખાતે જાહેર નિવિંદા પ્રસિધ્ધ થયાથી દિન-૭ માં રૂબરૂ અથવા પોસ્ટથી પહોંચતા કરવા જાણ કરવામાં આવે છે. નીચે મુજબના માલસામાનના ભાવો ૩૧-૦૩-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

૧. LED લાઈટ ૨૪ વોલ્ટથી ૧૨૦ વોલ્ટ પોલ સાથે અને પોલ વગર હાઈ પોલ સાથે નંગ-૧. ભાવ રૂા...
૨. પેવર બ્લોક 60 MM થી 80 MM એક ફૂટ, એક ચો.મી. તથા એક બાસના ભાવ રૂા...
૩. તમામ સાઈઝના રસો - પાઈપ તેમજ તમામ સાઈઝના પીવીસી પાઈપ મીટર એક ના ભાવ રૂા...
૪. લોખંડ I.S.T. બ્રાન્ડના 5 MM થી 20 MM ૨૦ કિ. ગ્રામનાં ભાવ રૂા...
૫. રેતી ચાળેલી ચોખ્ખી એક ઘન મીટર તથા એક ફેરાના ભાવ રૂા...
૬. બેલા / પથ્થર / ઈંટ તથા પાપડા નંગ - ૧ નો ભાવ તથા ટોળા ફેરા - ૧ નો ભાવ રૂા...
૭. I.S.I. સારી કંપનીની સિમેન્ટ થેલી - ૧ ના ભાવ રૂા....
૮. કપચી 6 MM થી 20 MM. 40 MM ૧ મે. ટન / ૧ બાસ / ૧ ફેરાનો ભાવ રૂા...
૯. માટી, મોરમ, મેટલ એક ફેરાના ભાવ રૂા...
૧૦. તમામ કામની મજુરીના ભાવ રૂા...
૧૧. ઘન કચરાના નિકાલના / સ્વચ્છતાના સાધનો તરીકે દરેક સાઈઝના ડસ્ટબીન તથા અન્ય દરેક આઈટમ નંગ - ૧ નો ભાવ તથા ડોર ટુ ડોર કલેકશન માટે સાઈકલ / ઈ-રીક્ષા / ટ્રાઈસીકલ / કન્ટેનર / ટ્રેકટર / ટ્રેક્ટર ટ્રોલી તથા ફોકીંગ મશીન વગેરે નંગ - ૧ નો ભાવ રૂા...
૧૨. બારી દરવાજા એક ચો.મી. / એક નંગનો ભાવ રૂા...
૧૩. ગીલ (જાળી) માટેનું લોખંડ ૧ કિ.ગ્રા. ના ભાવ રૂા...
૧૪. વટ્રીફાઈડ ટાઈલ્સ ૧ ચો.મી.ના ભાવ રૂા...
૧૫. ડિસ્ટેમ્પર (કલર) ૧ લીટર ભાવ રૂા...
૧૬. લાઈટીંગ (ઈલેકટ્રીક) કામ જોબવર્ક ભાવ રૂા...
૧૭. વોટર સપ્લાયર કામ જોબવર્ક ભાવ રૂા...
૧૮. આઈ.એસ.આઈ. માર્કવાળા ગેલ્વેનાઈઝ ભાવ તથા તમામ સાઈઝ માટેના ભાવ રૂા...
૧૯. BIB TAP તથા પાણી ફીટીંગ માલ સામાનના બધા જ ભાવ રજુ કરવા...
૨૦. HDP પાણીની પાઈપલાઈન, ખોદાણ, બુરાણ, ફીટીંગનો ૧ મી.નો ભાવ રૂા...
૨૧. 300 MM D પાઈપ ૧ મીટર નો ભાવ રૂા...
૨૨. 450 X 450 X 775 MM ચેમ્બરનો ભાવ રૂા...
૨૩. ગટરલાઈન ખોદાણ બુરાણ ફીટીંગ ૧ મીટરનો ભાવ રૂા...
૨૪. પાણીનો બોર કસીંગ પાઈપ સાથે ૧ મીટરનો ભાવ સાથે...
૨૫. કુવાનું ખોદાણ કામ મજુરીના ભાવ રૂા...
૨૬. ઈલેકટ્રીક પાણીની મોટર ISI 5HP, 3HP, 7HP, 1HP, 2HP 1.5HP. 10HP ફીટીંગ માલસામન સાથેનો ભાવ ફીટીંગ કીટ સાથે નો ભાવ તથા સેન્સર સિસ્ટમનો ભાવ રૂા...
૨૩, પાણીનો ISI પ્લાસ્ટીકનો ટાંકો ૧ લીટરનો ભાવ રૂા...
૨૮. ભરડીયાનો પાવડર તથા ગ્રીટ એક ફેરાના ભાવ રૂા...
૨૯. જે.સી.બી. ખોદાણ બુરાણનો એક કલાકનો તથા દિન-૧ મીક્ષર ભાડાનો ભાવ રૂા...
૩૦. ગટરલાઈન તથા પાણીની લાઈન માટે સિમેન્ટના તમામ સાઈઝના પાઈપનો ૧ મી.નો ભાવ રૂા...
૩૧. ફર્નિચર, ઓફીસ ફર્નિચર ટેબલ, ખુરશી, કબાટ, સ્ટેશનરી વિગેરેનો ભાવ રૂા...
૩૨. આઈ.એસ.આઈ. કમ્પ્યુટર સેટના ભાવ રૂા...
૩૩. આઈ.એસ.આઈ. (ઈલેક્ટ્રીક) તમામ માલ સામાનનો ભાવ રૂા...
૩૪. ચાઈના મોજેક (ફલોરીંગ) ના માલ સામાનનાં ૧ બાસનો ભાવ રૂા...
૩૫. સી.સી.ટી.વી. કેમેરા, સાઉન્ડ સિસ્ટમ, પ્રોજેક્ટર સિસ્ટમ તથા વાઈફાઈ તથા ઈન્વર્ટર સિસ્ટમનો કમ્પલીટ ભાવ રૂા...
૩૬. R.O. વોટર પ્લાન્ટ નંગ - ૧ નો ભાવ રૂા...
૩૭. બેસવા માટેના બાંકડા નંગ - ૧ નો ભાવ રૂા...
૩૮. ગેલ્વેનાઈઝ પતરા / સિમેન્ટના પતરા - ૧ ચો.મી. નો ભાવ રૂા...
૩૯. પા.પૂ. રિપેરીંગ તથા ગટર રિપરીંગ કામ મજુરીના ભાવ રૂા...
૪૦. પાણીના વાલ્વ તમામ સાઈઝના નંગ - ૧ નો ભાવ રૂા...
૪૧. વ્હાઈટ સિમેન્ટ ૧ કિ.ગ્રા.નો ભાવ રૂા...
૪૨. તકતી એક નંગ ભાવ રૂા...
૪૩. પાણીનું ટેન્કર દિન એકનું ભાડુ રૂા....
૪૪. કચેરી લગત તમામ સ્ટેશનરીના ભાવ રૂા...
૪૫. પી.વી.સી. ગટર લાઈન પાઈપ 4 MM થી 16 MM સુધીનો ભાવ રૂા...

ઉપર મુજબની વિગતોના ભાવ મંજુર / નામંજુર કરવાના અધિકારો નીચે સહી કરનારને રહેશે. જેની જાણ કરવામાં આવે છે કે તેમજ આ ભાવો સાઈડ ઉપર પહોંચતા કરવાના તથા ટેક્ષ સાથેના આપવાના રહેશે. નોંધ : (૧) જાહેરાત પ્રસિધ્ધ થયાથી સાત દિવસની અંદર ભાવ ગ્રામ પંચાયત દ્વારા ખોલવામાં આવશે. (૨) ઉપરોક્ત ભાવ મંજુર થયેલ જે તે એજન્સીને જાણ કરતા વધુમાં વધુ ૩ દિવસની અંદર માલ સામાન મટીરીયલ્સ પહોંચતુ કરવાનું રહેશે. અન્યથા જે તે એજન્સી આપોઆપ રદ ગણી તેની પછીનો ભાવ મંજુર કરવામાં આવશે. (૩) બીડમાં સરખા ભાવ બીડમાં પડતા તમામ ભાવ મંજુર કરવાની સતા ગ્રામ પંચાયતની રહેશે. (૪) તમામ માલ સામાન મટીરીયલ્સનું બીલ કામ પુર્ણ થયે અથવા તો બીલ મંજુર થયા બાદ પેમેન્ટ ચુકવવામાં આવશે.

**તલાટી કમ મંત્રીશ્રી** — મોટા ઝીંઝુડા ગ્રામ પંચાયત તા.સાવરકુંડલા
**સરપંચશ્રી** — મોટા ઝીંઝુડા ગ્રામ પંચાયત તા.સાવરકુંડલા


નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠકકર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 9313571971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 9925076561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

### મહિલા મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના શાહદા તાલુકાના પીપરી ગામની હોવાનું ખુલ્યુ

# લાઠીના ગાગડીયો નદીમાંથી મળેલી મૃત મહિલાની હત્યા થયાનો ખુલાસો

અમરેલી,તા.૦૨

લાઠીના ગાગડીયા નદીમાંથી ચાર દિવસ પહેલા એક નગ્ન મહિલાની લાશ મળી આવતા પોલીસે મહિલાની લાશને બહાર કાઢી ભાવનગર ફોરેન્સીક પોસ્ટમાર્ટમ માટે મોકલી આપી હતી. જો કે મહિલાના શરીર પર ઈજાના કોઈ નિશાન ન હોવાથી મહિલાએ આપઘાત કર્યો હોવાનું પોલીસ માની રહી હતી પરંતુ પોસ્ટમાર્ટમનો રિપોર્ટ આવતા જ મહિલાની ગળુ દબાવી હત્યા કરવામાં આવી હોવાનું અને મહિલા મહારાષ્ટ્રની હોવાનું સામે આવ્યું હતું. આ અંગે તપાસનીશ અધિકારી એસ.એમ.સોનીએ જણાવ્યું હતુ કે, ગાગડીયો નદીમાંથી મહિલાનો નગ્ન મૃતદેહ મળી આવ્યો હતો. મહિલાની ઓળખ થતી નહોતી જેથી આજુબાજુમાં સર્ચ કરતા એક બેગ મળી આવી હતી અને બેગમાંથી સોનીની દુકાનનું પર્સ મળી આવ્યું હતું. જેથી પર્સમાં છાપેલા નંબર પર સંપર્ક કરતા સોની વેપારીએ મહિલાના પરિવારજનોનો સંપર્ક કરાવ્યો હતો. પરિવારજનોને આ બાબતની જાણ કરતા તેઓ લાઠી દોડી આવ્યા હતા અને મહિલાની ઓળખ જમુબાઈ ગોટીયા રાવતલે રહે.પીપરી, તા. શાહદા જિ.નંદુરબાર(મહારાષ્ટ્ર) તરીકે થઈ હતી. મહિલાની ઉંમર


ફાઈલ ફોટો

૫૦ વર્ષની અને તેમને ત્રણ સંતાનો હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતુ. વધુમાં પરિવારજનોએ જણાવ્યું હતુ કે, મહિલા દવા લેવાનું કહી ઘરેથી નીકળી હતી પછી પરત ફરી નહોતી જેથી મહિલા ગુમ થઈ હોવાની પોલીસમાં જાણ કરી હતી. પરિવારજનોએ ગુજરાત પ્રથમવાર જોયુ હોવાનું પોલીસને જણાવ્યું હતું. મહિલાની હત્યા જુની અદાવત, પ્રેમપ્રકરણ કે અપહરણ કરી કરવામાં આવી છે કે નહી તેની લાઠી પોલીસ તપાસ કરી રહી છે.

**મરાઠી મહિલા છેક લાઠી કઈ રીતે પહોંચી?**

નંદુરબાર જિલ્લાના શાહદા તાલુકાના પીપરી ગામની મહારાષ્ટ્રીયન મહિલાની ઉંમર ૪૯ વર્ષ છે. તેને ત્રણ સંતાનો છે. જેમાં એક પુત્રીના લગ્ન પણ થઈ ગયા છે. ત્યારે આ મહિલા શાહદાથી છેક સુરત થઈને લાઠી કઈ રીતે પહોંચી? તે પોલીસ માટે તપાસ વિષય છે. મહિલા સાથે દુષ્કર્મ થયુ હોય તેવુ પણ સામે આવ્યું નથી. ગુજરાતથી અપરિચિત મહિલા લાઠી સુધી પહોંચી ગઈ અને તેની ગળુ દબાવી હત્યા કરવામાં આવી હોવાનો ફોરેન્સીક પીએમ રિપોર્ટ આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

**મહિલા શાહદાથી સુરત થઈને લાઠી પહોંચી**

મસાવત પોલીસ સ્ટેશનની નીચે આવતા પીપરી ગામની મહિલા ગુમ થયાની નોંધ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. આ અંગે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ અધિકારી ગણેશ વરૂલેએ 'સંજોગ ન્યૂઝ' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મહિલા દવા લેવાનું કહી સવારે ૧૦:૩૦ વાગ્યે ઘરેથી નીકળી હતી. પીપરી ગામથી શાહદા સુધી પહોંચી હતી અને ત્યાંથી ખાનગી બસમાં સુરત પહોંચી હતી. ખાનગી બસના એક ડ્રાઈવરે જણાવ્યું હતું કે, મૃતક મહિલા બસમાં બેઠી હતી પરંતુ તેમાંથી ઉતરી તે બીજી બસમાં બેસી ગઈ હતી. મહિલા મહારાષ્ટ્રની હોવા છતાં ગુજરાતી ઢબનો પોષાક પહેર્યો હતો. મૃતક મહિલાની માનસિક સ્થિતિ સારી ન હોવાનું સ્થાનિક પોલીસ માની રહી છે.

## રાજુલા શહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા ટીચતાં બે ઝડપાયા

**પોલીસે રૂા.૧૧૫૦ની રોકડ રકમ કબજે કરી, એક જુગારી ફરાર**

રાજુલા, તા.૦૨

રાજુલામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા ટીચતાં બે ઈસમ ઝડપાયા હતા. મફતપરામાં અલારખભાઈની દુકાન પાસે આવેલ શેરીમાંથી હકાભાઈ ભીખાભાઈ વાઘેલા (ઉ.વ.૫૦) તથા સુરેશભાઈ મનુભાઈ વાળા (ઉ.વ.૨૭) વીજપોલ નીચે સ્ટ્રીટ લાઈટના અજવાળે ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૧૧૫૦ સાથે ઝડપાયા હતા. જ્યારે એક ઈસમ ફરાર થઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

### પોલીસ દ્વારા હજુ પણ અસામાજિક તત્વો પર ધોંસ બોલાવવામાં આવશે

## અમરેલી જિલ્લામાં ૪૮ અસામાજિક તત્વોના મકાનમાંથી વીજચોરી ઝડપી પાડવામાં આવી

**પોલીસે પાંચ લોકો પર પાસાનું શસ્ત્ર ઉગામ્યુ, એકના પાસા મંજૂર**

અમરેલી,તા.૦૨

રાજય પોલીસ વડાના આદેશ બાદ અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં અસામાજિક તત્વો સામે પાસા, ૮ લોકો સામે તડીપાર, ડીમોલેશન, વીજચોરીના કેસ નોંધવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. રાજય પોલીસ વડાએ અસામાજિક તત્વો પર તૂટી પડવા આદેશ કરતા જિલ્લા પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. એલસીબી પીઆઈ વી.એમ.કોલાદરાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં પાંચ લોકો સામે પાસાની કામગીરી કરવામાં આવી હતી જેમાં એકના પાસા મંજૂર કરવામાં આવ્યા હતા. ૮ લોકો સામે તડીપારની કામગીરી ચાલુ છે. જયારે રાજુલા અને બગસરામાં ડીમોલેશન કરવામાં આવ્યું હતું. જયારે કુલ ૪૮ અસામાજિક તત્વોના ઘરેથી વીજચોરી પકડી દંડ ફટકારવામાં આવ્યો હતો. ૬ લોકોના જામીન રદ કરવા માટેનો રિપોર્ટ કરવામાં આવ્યો છે. જેમાં બે લોકોના જામીન રદ કરવામાં આવ્યા છે. આમ, હજુપણ અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાના સંકેત પોલીસે આપ્યા છે.

## અમરેલીમાં ઝેરી દવા પીવાથી મહિલાનું મોત

અમરેલી, તા.૦૨

અમરેલીમાં એક મહિલાનું ઝેરી દવા પીવાથી મોત થયું હતું. બનાવ સંદર્ભે સાવરકુંડલાના વીરડી ગામે રહેતા વલ્લભભાઈ ભનુભાઈ વાઘેલા (ઉ.વ.૨૮) એ જાહેર કર્યા મુજબ, અમરેલીમાં રહેતા કંચનબેન રસીકભાઈ પરમાર (ઉ.વ.૩૫)ને લાગી આવતા પોતાની મેળે ઘરે ઝેરી દવા પી જતા મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એ. પટેલ વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલામાં રહેતા રતનબેન પરશોત્તમ વાઘને મગજમાં લોહીની ગાંઠ હતી.

જેની ચાલુ સારવાર દરમિયાન મોત થયું હોવાનું પરશોત્તમભાઈ હરજીભાઈ વાઘે જાહેર કર્યું હતું.

## રિસામણે રહેલી દીકરીના સાસરિયામાં વાતચીત કરવા જતા માતા પર હુમલો કર્યો

**રાજુલા શહેરમાં બનાવ બન્યો**

રાજુલા, તા.૦૨

સાવરકુંડલાના થોરડી ગામે રહેતા ઉષાબેન આત્મારામ સરપદડીયા (ઉ.વ.૪૫)એ રાજુલામાં રહેતા પાયલબેન રામચરણભાઈ દાણીધારીયા, વિલાસબેન રામચરણભાઈ દાણીધારીયા, રૂત્વીકભાઈ રામચરણભાઈ દાણીધારીયા તથા રામચરણભાઈ દાણીધારીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના દીકરી અંજલીબેન હાલ રિસામણે હોવાથી તેઓ તથા સાહેદો અંજલીબેનના સાસરિયા સાથે વાતચીત કરવા રાજુલા આવ્યા હતા.

આ વખતે ચારેય આરોપીઓએ તેમને તથા સાહેદો સાથે ઝઘડો કરી આરોપી પાયલબેને સાહેદ અંજલીબેનને ઝાપટ મારી ગળાના ભાગે નખોરીયા માર્યા હતા. આ સમયે તેઓ વચ્ચે પડતાં તેમને પણ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને ચારેય આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી હતી.

રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## સા.કુંડલા બાયપાસ ખાતે બીજના દિવસે બાળકોને બટુકભોજન કરાવાયુ

સાવરકુંડલા,તા.૦૨



સાવરકુંડલા મહુવા રોડ બાયપાસ ખાતે આવેલ સુપ્રસિધ્ધ રામદેવપીર મંદિર જયશ્રી રામદેવજી મહારાજ સેવા આશ્રમ ખાતે ચૈત્ર સુદ બીજના પવિત્ર દિવસે બાળકોને બટુકભોજન કરાવવામાં આવ્યું હતું. આ તકે રિદ્ધિ સિદ્ધિ વિનાયક ટ્રસ્ટ અને ભાવ ગણેશ મંદિરના ભાવનાબેન મહેતા, રમીલાબેન બાવાજી, અમિતગીરી ગોસ્વામી દ્વારા બાળકોને બટુકભોજન પીરસવામાં આવ્યું હતું.

## સાવરકુંડલામાં એસ.સી., એસ.ટી., ઓબીસીની શૈક્ષણિક શિબિર યોજાઈ

અમરેલી,તા.૦૨

સાવરકુંડલા શહેર ખાતે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. શૈક્ષણિક અને સામાજિક સમિતિ દ્વારા કાનજીબાપુ ઉપવન વાડીમાં ભવ્ય શૈક્ષણિક શિબિર અને સામાજિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં શિક્ષણવિદ્ ધર્મેન્દ્રભાઈ કનાલાએ વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન આપ્યું હતું. આ શિબિરમાં સમાજના અગ્રણીઓ, પત્રકાર મિત્રો, વાલીઓ અને




વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સમિતિ દ્વારા સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સહાય ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને ભવિષ્યમાં પણ આ પ્રયાસો વધુ મજબૂત કરવામાં આવશે.

આ પ્રસંગે નવનિયુક્ત નોટરી એડવોકેટ્સનો સન્માન સમારંભ પણ યોજાયો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: છઠ્ઠ
તા.૦૩-૦૪-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૦૯,
સૂર્યાસ્ત-૦૬:૩૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

## દૈનિક રાશિફળ

તા.૦૩-૦૪-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજે કોઈ પણ સરકારી કે અંગત બાબત સરળતાથી ઉકેલાઈ જશે. જેથી મન પ્રસન્ન રહેશે. પરિવારમાં સુખ અને શાંતિ તમારી પ્રાથમિકતા રહેશે.

વૃષભ: સમય જતાં જૂના મતભેદો અને ગેરસમજણો દૂર થશે. વ્યાવસાયિક અભ્યાસ માટે પ્રયાસ કરી રહેલા વિદ્યાર્થીઓને સફળતા મળવાની સંભાવના છે.

મિથુન: પરિવારના સભ્યો સાથે થોડો સમય વિતાવવો અને વાતચીત દ્વારા સમસ્યાનું સમાધાન શોધવું. ઉપરાંત, કોઈ ચોક્કસ મુદ્દા પર ચર્ચા થઈ શકે છે.

કર્ક: સંતાન સંબંધિત કોઈ વિશેષ કાર્ય પૂર્ણ થવાથી રાહત મળશે. પરિવારના કોઈ સદસ્યના લગ્નને કારણે સંબંધીઓ સાથે મુલાકાત થઈ શકશે.

સિંહ તમને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાઓમાંથી રાહત મળશે. અચાનક તમને ક્યાંકથી સહયોગ અને યોગ્ય સલાહ મળશે.

કન્યા: પરિવારના સભ્યો તમારી પાસેથી કેટલીક અપેક્ષાઓ રાખશે અને તમે તેને પૂર્ણ કરી શકશો. આર્થિક પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે સમય અનુકૂળ છે.

તુલા: ફોન કોલ દ્વારા મહત્વપૂર્ણ સૂચના પ્રાપ્ત થઈ શકે છે. તેનો તાત્કાલિક અમલ કરવો યોગ્ય રહેશે. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યોમાં પણ સમય પસાર થશે.

વૃશ્ચિક: ખોટી પ્રવૃત્તિઓ પર ધ્યાન આપ્યા વિના તમારા અંગત કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરો. લાંબા સમયથી ચાલતી કોઈપણ ચિંતા અને તણાવથી રાહત મળી શકે છે.

ધન: આજનો મોટાભાગનો સમય ઘરના કામમાં પસાર થઈ શકે છે. ધાર્મિક સંસ્થા સાથે જોડાયેલા કાર્યોમાં પણ તમે સહયોગ કરશો.

મકર: નજીકના સંબંધીની સમસ્યાના ઉકેલમાં તમારું વિશેષ યોગદાન રહેશે. તમારી હોશિયારી અને યોગ્યતાની પ્રશંસા કરવામાં આવશે.

કુંભ: પરિવાર સાથે મનોરંજન અને ખરીદી જેવી પ્રવૃત્તિઓમાં સમય પસાર થશે. આર્થિક દૃષ્ટિકોણથી ખાસ સકારાત્મક પરિણામ નહીં આવે.

મીન: ઘરની સફાઈ અને અન્ય કાર્યોમાં સમય પસાર થશે. તમારા પ્રિયજન સાથે બેસો અને તમારી લાગણીઓ વ્યક્ત કરો. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાથી તમારી સમસ્યાઓ હલ થશે.

## અમરેલી શહેરમાં જુગાર રમતા ૭ શખ્સો ઝડપાયા

અમરેલી, તા.૦૨

અમરેલી સિટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સિટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી આધારે અમરેલીના ભારતનગર વિસ્તારમાંથી જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર



રમતા અમરેલીના ભારતનગરમાં રહેતા ઈકબાલભાઈ જમાલભાઈ ચૌહાણ, ઈમરાનભાઈ સીરાજભાઈ ચૌહાણ, સલીમભાઈ સીરાજભાઈ ચૌહાણ, ઈરફાનશા અહેમદશા પઠાણ, અલ્ફજભાઈ જમાલભાઈ પઠાણ, અંજુમભાઈ દાદુભાઈ બ્લોચ તથા સાબીરભાઈ સલીમભાઈ ડાયાતર સહિત સાત ઈસમોને રોકડા રૂપિયા ૧૭,૧૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર ઈસમો વિરૂધ્ધમાં જુગાર ધારા કલમ-૧૨ મુજબ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## બગસરામાંથી ૫ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાં પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતાં ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. બગસરા હુડકો કોલોની જેતપુર રોડ પાસેથી ૫ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. અમરેલી સિટી અને કડીયાળી ગામેથી બે-બે તથા ભુખલી સાણથલી અને બાઢડા ગામેથી એક-એક મળી કુલ છ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા. સાવરકુંડલા ટાઉનમાંથી એક યુવક કેફી પીણું પીને વાહન ચલાવતાં મળી આવ્યો હતો.

## જિલ્લામાંથી ૮ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૮ પ્યાસીને ઝડપી પાડ્યા હતા. લીલીયા, જાફરાબાદ, ચલાલામાંથી ત્રણ, ડેડાણ ગામેથી બે, રાજુલામાંથી એક ઈસમ કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

નારાયણનગર ગામેથી એક મહિલાના રહેણાંક મકાનેથી ૨ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૬૮/૨૦૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. લક્ષ્મણભાઈ ધીરૂભાઈ વાળા
રહે. વણોટ તા.સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી વણોટ, તા.સાવરકુંડલા જી. અમરેલી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **કૃણાલ લક્ષ્મણભાઈ વાળાનો જન્મ તા.૦૧/૧૨/૨૦૦૫** ના રોજ મુ. વણોટ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૬૭/૨૦૨૫ તા.૨૯/૦૩/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. લક્ષ્મણભાઈ ધીરૂભાઈ વાળા
રહે. વણોટ તા.સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી વણોટ, તા.સાવરકુંડલા જી. અમરેલી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **કેતન લક્ષ્મણભાઈ વાળાનો જન્મ તા.૧૩/૧૧/૨૦૦૩** ના રોજ મુ. વણોટ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૦૨/૨૦૨૫ તા.૦૧/૦૪/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. રવજીભાઈ મનજીભાઈ વાળા
રહે. મુ. બાઢડા તા.સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા જી. અમરેલી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના નાના ભાઈ **અંતુભાઈ મનજીભાઈ વાળાનો જન્મ તા.૦૧/૦૬/૧૦૬૭** ના રોજ મુ. બાઢડા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

તંત્રી લેખ

# પાવર જનરેટ કરી વેચવાનો બિઝનેસ કરી શકાશે

વીજળીના બિલમાં દર મહિને વધારો થતો હોય છે ખાસ કરીને વીજ શૂલ્ક લગભગ દર મહિને વધે છે. અન્ય કરવેરા પણ તેમાં ઉમેરેલા હોય છે અને દિવસે દિવસે વીજળી મોંઘી થતી જાય છે આથી વીજબિલ આવે ત્યારે વીજ વાપરનાર ગ્રાહકને એક આંચકો લાગે છે કે આટલુ બધું વીજબિલ કેમ આવ્યું.? પરંતુ હવે વીજળીના બિલ ભરવાને બદલે ગ્રાહક પોતે પોતાની વીજળી ઉત્પન્ન કરીને વેચીને પૈસા પણ કમાઈ શકશે. ઉર્જા ક્ષેત્રે દેશમાં નવી ક્રાંતિ આવશે. UPIની જેમ વીજળી ખરીદી અને વેચી શકાશે તેમ આધારકાર્ડના પ્રણેતા નિલેકાણી કહે છે. એક સમય એવો હતો કે જ્યારે વીજળીનું ઉત્પાદન કરવું એ ગુનો ગણાતા, કોઈપણ વ્યક્તિ જનરેટર દ્વારા વીજળી ઉત્પન્ન કરે અને વેચે તો તેને ગુનો ગણવામાં આવતો હતો. પણ હવે સમય બદલાયો છે, હવે કોઈપણ વ્યક્તિ પોતાના ઘરે વીજળીનું ઉત્પાદન કરીને તેનું વેચાણ પણ પાડોશીને કે અન્યત્ર કરી શકશે. આ દિવસો અત્યારે આવી ચૂક્યા છે તેમ આધારકાર્ડના પ્રણેતા નિલેકાણીએ ઉદ્યોગપતિઓને સંબોધતા જણાવ્યું હતું. નજીકના ભવિષ્યમાં દરેક ઘરે વીજળીનું ઉત્પાદન થતું હશે અને આ વીજળીને સરકારી ગ્રીડમાં મોકલીને પૈસા કમાઈ શકાશે. આ વીજળી અન્ય વ્યક્તિઓને પણ વધારે ભાવે વેચી શકાશે, બાજુવાળાને પણ કનેક્શન આપી શકાશે અને તેમાંથી પૈસા કમાઈ શકાશે. આ અંગેની ગાઈડલાઈન પણ જાહેર થશે. દરેક ઘરમાં જો સોલાર પેનલ મુકવામાં આવે તો વીજ ટ્રાન્સમિશનનો જંગી ખર્ચો બચી જશે કારણકે દૂર દૂર સુધી વીજળી મોકલવામાં પાવરલોસ થાય છે એનો સીધો અર્થ એવો થાય કે દક્ષિણ ગુજરાતમાંથી સૌરાષ્ટ્રમાં વીજળી મોકલવી હોય તો જે ટાવર ઉપર તાંબાના વાયરો ગોઠવેલા છે તેમાં વીજળીનું પરિવહન થાય છે. આ તાંબાના તારમાં જે અણુઓ રહેલા છે તે વીજળીના વીજ પ્રવાહને અવરોધે છે આથી તેમાં ઘટાડો થાય છે જેને આપણે પાવરલોસ કહી શકીએ. માની લો કે કાંકરાપારના અણુ ઊર્જા મથકમાંથી ૪૦૦ કિલોવોટ વીજળીનો પ્રવાહ વહેતો કરીએ તો તે સૌરાષ્ટ્ર સુધી પહોંચે ત્યાં સુધીમાં તેમાં ૧૦૦ થી ૧૫૦ કિલોવોટ જેટલો ઘટાડો થઈ જાય છે. અહીં વીજળીનું દબાણ એટલે વીજળીના વોલ્ટેજમાં ઘટાડો થાય છે સાથોસાથ વીજળીનો જે પ્રવાહ હોય છે જેને એમ્પીયર કહેવામાં આવે છે તેમાં પણ ઘટાડો થાય છે. આ બંને ઘટાડાને પાવરલોસ કહેવામાં આવે છે. આ પાવર લોસ એ વ્યર્થ ખર્ચો છે તેનો કોઈ ઉપયોગ થઈ શકતો નથી પરંતુ જો ઘરે ઘરે સોલાર પેનલથી વીજળી ઉત્પન્ન કરવામાં આવે તો આ જંગી ખર્ચ ઘટી શકે. મોટાભાગના માણસો માને છે કે સોલાર પેનલથી માત્ર એલઇડી લેમ્પ સળગી શકે પરંતુ એસી, પંખા, ટીવી ન ચાલી શકે પરંતુ આ માન્યતા ખોટી છે વધારે મોટી સોલાર પેનલો ગોઠવવામાં આવે તો એસી, પંખા, ટીવી બધું જ ચાલી શકે. આ વીજળીનો સંગ્રહ બેટરીમાં કરી શકાય છે અથવા તો ઉત્પન્ન થતી વીજળીને ડાયરેક્ટ ગ્રીડમાં મોકલીને પૈસા કમાઈ શકે છે. દેશમાં યુપીઆઈએ ઝડપથી રફતાર પકડી છે ત્યારે આધારકાર્ડનાં પ્રણેતા નંદન નિલેકાણીએ ચોંકાવનારી આગાહી કરી છે. તેમનાં મતે દેશમાં નવી ક્રાંતિ આવી રહી છે. લોકો હવે UPIની જેમ વીજળીની ખરીદી તેમજ વેચાણ કરી શકશે. ભવિષ્યમાં ઊર્જા ક્ષેત્રે નવી ક્રાંતિનાં મંડાણ થશે. ભવિષ્યમાં દરેક ઘરેથી વીજળીનું ઉત્પાદન કરી શકાશે. કારણ કે દરેક ઘર પર સૌર ઊર્જા એટલે કે સોલર પાવરની પેનલો લાગેલી હશે.

# હીરા ઉદ્યોગને બેઠો કરવા માટે સરકાર તથા સામાજિક સંસ્થાઓ હવે સક્રિય બને

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

હીરા ઉદ્યોગની મંદીને લઈને સુરતમાં હાલ રત્ન કલાકારોની હડતાલ ચાલી રહી છે બીજી બાજુ સરકારે હીરા ઉદ્યોગને બચાવી લેવાનું આશ્વાસન આપ્યું હતું તેનો અમલ હજી થયો નથી. આનું કારણ માત્ર એટલું જ છે કે કોઈપણ બાબતમાં પેકેજ જાહેર કરવું હોય તો તે તાત્કાલિક ન થઈ શકે કારણ કે તેમાં અનેક પાસાઓનો વિચાર કરવો પડે, તે માટેની યોજના ઘડવી પડે, પ્લાનિંગ કરવું પડે. આ બાબતમાં સરકાર સક્રિય કામગીરી કરી રહી હોવાનું માનવામાં આવે છે. સરકારે જાહેર કર્યું એટલે તરત જ હીરા ઉદ્યોગને બચાવવા માટેના પગલાં તાત્કાલિક જાહેર થઈ શકે નહીં. ગુજરાત સરકાર રત્ન કલાકારો માટે સહાનુભૂતિપૂર્વક વિચારી રહી છે બીજી બાજુ હીરા ઉદ્યોગના મોટા વ્યાપારીઓ પણ આ બાબતમાં સક્રિય થયા છે તે એક સારી નિશાની છે.

હીરા ઉદ્યોગને બચાવવા માટે સરકારે નીચે મુજબના પગલાં લેવા જોઈએ જેમાં સૌ પ્રથમ આવે છે આર્થિક સહાય અને નીતિ સમર્થન. આ ઉપરાંત ટેક્સ રાહત આપી શકાય.જીએસટી અને આયાત શુલ્કમાં પણ સરકાર રાહત આપી શકે અને આ રીતે આ ઉદ્યોગને સરકાર ચોક્કસ બચાવી શકે.

સરકાર નાના અને મધ્યમ યુનિટોને લોન અને સબસિડી આપી શકે. સરકારે નાના અને મધ્યમ ઉદ્યોગો માટે સસ્તી લોન અને સબસિડી યોજનાઓ અમલમાં મુકવી જરૂરી છે. કાચા હીરાની આયાત માટે સરળ નીતિઓ અને ટેક્સ છૂટછાટ આપવી જરૂરી છે. નવા પ્રવર્તન અને ટેકનોલોજી અપગ્રેડેશનની જરૂર છે. ઉત્પાદન પ્રક્રિયામાં ઓટોમેશન લાવીને આધુનિક મશીનો માટે સબસિડી આપવી જોઈએ. આ માટે રિસર્ચ અને ડેવલપમેન્ટને વેગ આપીને નવી ડિઝાઈન અને હીરા ઘસવાની ટેક્નોલોજી માટે સંશોધન કેન્દ્રો સુરત અને ભાવનગર જેવા સેન્ટરમાં ખોલવા જરૂરી છે.

મંદીનો સમય હોવા છતાં બજાર અને નિકાસ વધારો થઈ શકે કે કેમ તેના નવા રસ્તા વિચારવા જરૂરી છે.

વિશ્વબજારમાં ભારતીય હીરાનું માર્કેટિંગ: "Make in India" અભિયાન હેઠળ ભારતના હીરા ઉદ્યોગને પ્રમોટ કરવો પણ એટલું જ જરૂરી છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ દ્વારા અન્ય દેશો સાથે હીરાની નિકાસને



સરળ બનાવતા સમજૂતી કરવી જોઈએ. વૈશ્વિક પ્રદર્શનોમાં ભાગ લઈને ભારતીય હીરા ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય શો અને એક્સપોઝમાં ભાગ લેવા માટે સહાય આપવી જોઈએ. મજૂર અને કારીગરોના હિતમાં પગલાંઓ લઈને સ્કિલ ડેવલપમેન્ટમાં કારીગરો માટે ખાસ તાલીમ કાર્યક્રમો ચલાવવા જરૂરી છે.

વેલફેર યોજનાઓ: મજૂરો માટે આરોગ્ય અને જીવન વીમા યોજનાઓ અમલમાં મૂકવી જોઈએ.

હિરાની ઉત્પત્તિ અને વેચાણ માટે સંવેદનશીલ નિયમો સરળ બનાવવા અને લેબ ગ્રોન ડાયમંડ માટે નિયમન કરવા જોઈએ. આ પગલાં લેવામાં આવે તો હીરા ઉદ્યોગ ફરીથી મજબૂત બનશે અને વૈશ્વિક સ્તરે ભારતનું વર્ચસ્વ જળવાઈ રહેશે.

મંદીમાં સપડાયેલા રત્ન કલાકારોનો બચાવ સામાજિક સંસ્થા કેવી રીતે કરી શકે તે અંગે પણ વિચારવું જરૂરી છે. રત્ન કલાકારોને મંદીમાંથી બચાવવા માટે સામાજિક સંસ્થાઓ નીચે મુજબના પગલાં લઈ શકે: આર્થિક સહાય અને રોજગાર વિકાસ

ઈમર્જન્સી ફંડ: રત્ન કલાકારો માટે આપત્તિ રાહત ફંડ સ્થાપવું, જેથી તેમને તાત્કાલિક આર્થિક સહાય મળે.

માઈક્રોફાઈનાન્સ: ઓછા વ્યાજે લોન આપીને તેઓને નવું કામ શરૂ કરવા પ્રોત્સાહન આપવું.

સેલ્ફ-હેલ્પ ગ્રુપ (SHG): કલાકારોને એક જૂથ તરીકે એકત્રિત કરીને નવું બજાર ઉભું કરવું. કુશળતા વિકાસ અને નવી તકનીક માટે ફ્રી ટ્રેનિંગ સેન્ટર ખોલવા. રત્ન કળામાં નવી ટેક્નોલોજી શીખવવા માટે મફત તાલીમ પ્રદાન કરવી જોઈએ.

લેબ ગ્રોન ડાયમંડ અને જ્વેલરી ડિઝાઈન: કલાકારોને નવી ડિઝાઈન અને લેબ ગ્રોન ડાયમંડ વિશે જાણકારી આપવી.

ડિજિટલ માર્કેટિંગ અને ઈ-કોમર્સ: કલાકારોને ઑનલાઈન વેચાણ માટે તાલીમ આપવી (Amazon, Etsy, Shopify જેવી સાઈટો પર પ્રોડક્ટ વેચતા શીખવવું). અને આ રીતે નવું બજાર અને વેચાણ સમર્થન મળે તે માટે પ્રોત્સાહન આપવું જરૂરી છે. સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે રત્ન કળાના પ્રદર્શન અને વેચાણ માટે પ્લેટફોર્મ આપવું જોઈએ.

ડાયરેક્ટ ખરીદી અને બ્રાન્ડિંગ: NGO દ્વારા કલાકારોની હસ્તકલા પ્રોડક્ટ ખરીદીને સીધા ગ્રાહકો સુધી પહોંચાડવા માટે સુવિધા આપવી.

કોર્પોરેટ જોડાણ કરીને મોટી કંપનીઓ સાથે જોડાઈને કલાકારો માટે મોટા ઓર્ડર મેળવવા.ની સૌથી મોટી વાત એ છે કે રત્ન કલાકારોને સામાજિક અને માનસિક સપોર્ટ આપવો. આ માટે મજૂરો માટે આરોગ્ય સેવા અને જીવન વીમા યોજનાઓ લાવવી જોઈએ.

માનસિક આરોગ્ય સહાય માટે આર્થિક તંગીથી પીડિત કલાકારો માટે કાઉન્સેલિંગ અને સહાય કેન્દ્રો સ્થાપવા.

રત્ન કલાકારો સુધી સરકારની યોજનાઓ પહોંચાડવા આયોજન કરવું.

ગ્રાન્ટ અને સબસિડી: સંગઠનો અને NGO દ્વારા સરકાર પાસેથી વધુ સબસિડી અને સહાય મેળવવાનો પ્રયાસ કરવો પણ એટલો જ જરૂરી છે.

સામૂહિક સહકાર અને લોકોને જાગૃત કરવા. "Vocal fro Local" અભિયાન દ્વારા સ્થાનિક હસ્તકલા ઉદ્યોગને પ્રોત્સાહન આપવુ. સોશિયલ મીડિયા દ્વારા જાગૃતિ: કલાકારોની સમસ્યાઓ અને ઉકેલ માટે જનજાગૃતિ ફેલાવવી.

આવા પગલાં દ્વારા રત્ન કલાકારોને નવી તકો મળે, તેમની આવક વધે અને ઉદ્યોગ ફરીથી પ્રગતિ પામે તેવું આયોજન કરવું જોઈએ.

**ગુજરાતમાં હીરા ઉદ્યોગમાં આવેલી મંદીના કારણે રત્ન કલાકારો આત્મહત્યાને માર્ગે જઈ રહ્યા છે ત્યારે સરકારે તથા સામાજિક સંસ્થાઓએ આ ઉદ્યોગને બચાવી લેવા માટે શું પગલાં લેવા જોઈએ તે જાણવું જરૂરી છે**

## શબ્દ સંજોગ-૧૯૭૬



**આડી ચાવી :**
(૧)કદર કરી જાણે એવું (૫)
(૪) અંગ્રેજી રાજયોમાં અપાતો ઈલકાબ (૨)
(૬) .....હોય તો માળવે જવાય (૨)
(૭) વડીલો, મોટેરાં કે ગુરુજનોનું...ન કરવુ જોઈએ (આડું-અવળુ) (૪)
(૯) એક વજન (૨)
(૧૧) એકદમ મારેલી ઝૂંટ (૩)
(૧૨) તંગી, બોલી (૨)
(૧૩) મુંબઈની..... મુંબઈમાં સમાણી (૩)
(૧૪) એક બાર (૨)
(૧૬) એક અટક (૨)
(૧૭)સીતાના પતિદેવ(૨)
(૧૯) "ઐસી....લગન, મીરા હો ગઈ મગન....." (૨)
(૨૦) આપણે નું હિન્દી કરો (૨)
(૨૨) સુંદર સ્ત્રી, લક્ષ્મી (૨)
(૨૪) ચામડીનો એક રોગ (૩)
(૨૬) એક જ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)
(૨૭) રાજકુંવર.....ઘોડે દોડી આવ્યા (૩)
(૨૮) એક ફળ (૨)
(૨૯) ઝાડ, પર્વત (૨)
(૩૦) ગુનો (૪)
(૩૧) અર્ધાનું અર્ધુ (૧)

**ઉભી ચાવી :**
(૧) ભારતનું એક રાજય (૪)
(૨) એક વિલાયતી શરાબ (૨)
(૩) ....તેવી બરકત (૩)
(૪) પૂરી ભરતી આવ્યે ૧૨ મિનિટ પાણી થોભે છે તે (૨)
(૫) વાંદરાનો પર્યાય થયો અવળો (૩)
(૭) સાવકું, ઓરમાન (૩)
(૮) ભારતનું એક જોવા-માણવા લાયક શહેર (૩)
(૧૦) નિર્માલ્ય (૩)
(૧૫) ..... લીધા વગર સતત ખાનાં ભર્યા કરો. (૩)
(૧૬) સરકાર તરફથી બક્ષિસ તરીકે મળેલી જમીન (૩)
(૧૮) ઉમેદ, અભિલાષા (૪)
(૨૦) પવન, વાયુ (૨)
(૨૧) સુંદર, ડાબું (૨)
(૨૩) રસ્તો, માર્ગ (૩)
(૨૫) કૂદકો, છલંગ (૩)
(૨૬) કિનારા, વસ્તુનો છેડો (૨)
(૨૮) જ્ઞાન, ઉપદેશ (૨)

## શબ્દ સંજોગ-૧૯૭૫ જવાબ

**આડી ચાવી:** (૧) મફલર (૪) શામદાન (૭) ગરબા (૯) બગી (૧૦) સંતાન (૧૨) મનસ્વી (૧૪) રામણ (૧૫) કાગ (૧૭) રહેણી (૧૯) પરદાદા (૨૧) કલગી (૨૩) ધણી (૨૪) કાકી (૨૫) મીટ (૨૬) ઠાર (૨૮) ગાંઠ (૩૦) લોકચર્ચા (૩૧) જોડીદાર. **ઉભી ચાવી:** (૧) ફલિતા (૩) રગ (૪) શાબાન (૫) દાબ (૬) નગીન (૮) રમણ (૧૦) સંસાર (૧૧) નરાણી (૧૩) સ્વીકાર (૧૬) ગદાધર (૧૮) હેડકી (૧૯) પગી (૨૦) દાણી (૨૧) કમી (૨૨) લટ (૨૪) કાફેલો (૨૬) ઠાઠડી (૨૭) મંચ (૨૮) ગાંજો (૨૯) નાર.

# સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૯૧ | ૧૫૪૪ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૬૫ | ૬૧૧ |
| જુવાર સફેદ | ૭૨૫ | ૮૭૦ |
| જુવાર પીળી | ૪૩૦ | ૪૭૦ |
| બાજરી | ૪૨૫ | ૪૨૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૩૬ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૨૫૦ |
| અડદ | ૧૦૯૧ | ૧૫૫૦ |
| મગ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૩૬૧ |
| વટાણા | ૧૧૨૦ | ૧૮૧૫ |
| રાજમા | ૮૫૦ | ૨૩૦૦ |
| સીંગદાણા | ૧૪૧૧ | ૧૪૧૧ |
| મગફળી જાડી | ૮૭૦ | ૧૦૯૩ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૫૦ |
| અળશી | ૧૦૩૦ | ૧૦૩૦ |
| તલી | ૧૬૪૦ | ૨૦૮૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૧૨ |
| અજમો | ૧૨૦૦ | ૧૯૦૦ |
| સુવા | ૧૨૯૦ | ૧૫૧૫ |
| સોયાબીન | ૭૬૦ | ૮૭૦ |
| સીંગફાડા | ૧૦૮૦ | ૧૩૧૭ |
| કાળા તલ | ૩૮૦૦ | ૫૩૮૦ |
| લસણ | ૭૫૦ | ૧૦૮૦ |
| ધાણા | ૧૧૯૦ | ૧૬૪૦ |
| મરચા સુકા | ૯૫૦ | ૨૭૦૦ |
| ધાણી | ૧૨૫૦ | ૨૩૧૦ |
| વરીયાળી | ૧૪૬૦ | ૨૨૦૦ |
| જીરૂ | ૩૭૫૧ | ૪૧૬૫ |
| રાય | ૧૦૩૦ | ૧૨૦૦ |
| મેથી | ૮૭૦ | ૧૨૩૦ |
| ઇસબગુલ | ૨૦૬૫ | ૨૩૯૯ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૨૬૦ |
| કલોંજી | ૨૮૦૦ | ૩૬૨૨ |
| રાયડો | ૯૫૦ | ૧૧૦૦ |
| ગુવારનું બી | ૯૪૦ | ૯૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૬૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૨૭૦૦ |
| સાકરટેટી | ૨૦૦ | ૪૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૫૦ |
| બટેટા | ૧૪૦ | ૩૮૦ |
| ડુંગળી સુકી | ૮૦ | ૩૧૫ |
| ટમેટા | ૧૨૦ | ૨૪૦ |
| સુરણ | ૯૦૦ | ૧૧૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૫૦૦ |
| સકરીયા | ૪૦૦ | ૭૦૦ |
| મુળા | ૨૫૦ | ૩૫૦ |
| રીંગણા | ૪૨૦ | ૬૩૦ |
| કોબીજ | ૮૦ | ૧૪૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોળા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૯૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી | ૧૨૦ | ૩૬૦ |
| વાલ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૨૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૨૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૬૯ | ૧૦૭૦ |
| ગીરનાર શીંગ | ૧૦૭૦ | ૧૦૭૦ |
| શિંગ મોટી | ૭૨૫ | ૧૦૯૨ |
| શિંગ ફાડા | ૧૦૫૦ | ૧૩૦૫ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૨૦૬૦ |
| બાજરો | ૫૫૦ | ૬૩૧ |
| જુવાર | ૪૯૬ | ૯૩૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૪૦ |
| ઘઉં લોકવન | ૪૨૬ | ૫૦૫ |
| અડદ | ૭૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૬૯ |
| ચણા દેશી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| સફેદ ચણા | ૧૦૪૦ | ૧૨૬૬ |
| તુવેર | ૭૨૦ | ૧૩૯૪ |
| વાલ | ૯૯૭ | ૧૦૮૦ |
| કપાસ | ૭૯૬ | ૧૫૫૧ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૧૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૦૨૦ |
| રાયડો | ૯૮૭ | ૧૦૨૭ |
| રાય | ૮૪૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૮૦ |
| ધાણી | ૧૧૫૦ | ૨૧૭૫ |
| અજમા | ૧૯૦૦ | ૨૦૭૫ |
| મેથી | ૬૫૦ | ૯૭૦ |
| સોયાબીન | ૬૧૦ | ૮૨૯ |
| મરચા લાંબા | ૨૮૦ | ૨૦૬૦ |
| દેશી મરચા | ૬૯૦ | ૪૫૫૦ |
| સુવાદાણા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૮૦ | ૩૦૦ |
| રીંગણાં | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૬૦ | ૧૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| શકકરીયા | ૨૪૦ | ૩૦૦ |
| ટામેટા | ૧૩૦ | ૧૫૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળાલીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| શકકરટેટી | ૨૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| સરગવો | ૧૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૨૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૫૧ | ૧૫૦૬ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૩૭૧ |
| એરંડા / એરંડી | ૧૧૨૧ | ૧૨૪૬ |
| તલ કાળા | ૪૪૧૧ | ૫૦૦૧ |
| જીરૂ | ૨૮૦૧ | ૪૨૬૧ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૩૧૬ |
| અડદ | ૧૩૧૧ | ૧૫૮૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૭૧ |
| રાયડો | ૯૮૧ | ૧૦૨૧ |
| રાય | ૭૫૧ | ૧૦૪૧ |
| મેથી | ૮૫૧ | ૧૨૯૧ |
| કાંગ | ૫૦૧ | ૬૯૧ |
| સુરજમુખી | ૧૧૫૧ | ૧૨૨૬ |
| મરચા | ૪૦૧ | ૧૯૫૧ |
| સફેદ ચણા | ૧૦૮૧ | ૨૧૬૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૨૭૧ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૧૮૬ |
| જુવાર | ૬૫૧ | ૯૫૧ |
| મગ | ૧૫૫૧ | ૧૬૨૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૬ |
| વાલ | ૬૫૧ | ૧૧૯૧ |
| ચોળા / ચોળી | ૧૪૫૧ | ૧૯૫૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૧ |
| ગોગળી | ૮૦૦ | ૯૯૧ |
| વટાણા | ૧૪૫૧ | ૧૫૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| પાલક પુરા | ૨ | ૩ |
| ટમેટા | ૨૦ | ૨૦૦ |
| મરચા | ૧૬૦ | ૬૦૦ |
| ગુવાર | ૪૨૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૧૦૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૮૦ | ૨૪૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૪૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૭૦૦ | ૧૪૦૦ |
| શક્કરીયા | ૧૬૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૧ | ૩ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| કાચા કેળા | ૨૦૦ | ૨૪૦ |
| પચકારુ | ૧૬૦ | ૨૦૦ |
| ચુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૪૦૦ | ૮૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૪ | ૧૫ |
| સરગવો પુરા | ૫ | ૧૦ |
| ચોરા | ૩૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૧૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૧૭૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૯ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૧૦ | ૧૪૨૧ |
| કપાસ સી ગ્રેડ | ૭૨૫ | ૭૨૫ |
| ચણા | ૯૭૬ | ૯૯૩ |
| એરડા | ૧૧૭૩ | ૧૧૭૯ |
| તલ | ૧૩૯૫ | ૧૩૯૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરુ૦ | ૧૦૦૦ | ૧૦૬૮ |
| મગફળી ૩૨ નં. | ૯૭૦ | ૧૦૨૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૯૬ |
| ઘઉં | ૪૮૦ | ૫૩૭ |
| રાયડો | ૯૫૦ | ૧૦૪૩ |
| મેથી | ૭૨૫ | ૧૦૦૦ |
| જુવાર | ૫૦૦ | ૮૬૨ |
| એરડી | ૧૦૫૦ | ૧૨૦૩ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૮ |
| સોયાબીન | ૭૫૦ | ૮૭૫ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૩૮ |
| કપાસ | ૧૨૯૦ | ૧૪૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જિણી | ૯૭૫ | ૧૦૩૫ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૫૨ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૧૫૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૮૩ |
| બાજરો | ૫૦૦ | ૬૧૫ |
| જુવાર | ૫૦૦ | ૭૮૫ |
| ચણા | ૧૦૪૦ | ૧૧૦૦ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૭૫ |
| એરડી | ૧૧૫૦ | ૧૨૧૫ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| રાય/રાયડો | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૬૫૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૮૩૧ |
| તલ પીળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૮૭ |
| બાજરો | ૪૮૧ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૪૨ | ૬૩૦ |
| જુવાર | ૬૮૦ | ૯૦૬ |
| અડદ | ૭૦૧ | ૧૧૦૦ |
| તુવેર | ૧૧૫૮ | ૧૨૬૧ |
| ચણા | ૯૩૧ | ૧૦૮૪ |
| જીરૂ | ૩૪૫૦ | ૪૦૭૧ |
| રાય | ૧૦૯૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૦૯૦ | ૧૬૮૦ |
| મેથી | ૯૦૨ | ૧૨૭૬ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| રાજગરો | ૯૦૦ | ૯૦૦ |
| એરડી | ૧૧૮૧ | ૧૧૮૧ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૨૮ | ૧૦૯૩ |
| શીંગ ૩૨ | ૯૫૦ | ૧૦૫૨ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૦ | ૧૦૪૪ |
| એરંડા | ૯૭૦ | ૧૨૧૦ |
| જુવાર | ૩૮૦ | ૮૭૨ |
| બાજરી | ૪૦૦ | ૬૧૫ |
| ઘઉં ટુકડા | ૪૫૯ | ૬૯૦ |
| મકાઈ | ૪૬૦ | ૪૬૦ |
| અડદ | ૫૫૫ | ૧૦૩૫ |
| મગ | ૭૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૯૪૦ | ૧૩૨૧ |
| મેથી | ૭૨૫ | ૯૭૦ |
| ચણા નં.૩ | ૯૦૦ | ૧૦૫૭ |
| ચણા દેશી | ૧૦૮૦ | ૧૧૫૪ |
| તલ સફેદ | ૧૮૪૫ | ૧૮૪૫ |
| તલ પુરબીયા | ૨૦૮૫ | ૨૧૦૦ |
| તુવેર | ૬૦૦ | ૧૩૭૧ |
| જીરૂ | ૨૩૨૦ | ૩૯૯૫ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૪૮ |
| ડુંગળી સફેદ | ૧૩૪ | ૨૨૯ |
| નાળીયેર | ૫૫૪ | ૨૭૦૨ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| મગફળી | ૮૦૦ | ૯૨૧ |
| ઘઉં લોકવન | ૪૦૨ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૬૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૯૬ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૮૫ |
| એરંડા | ૧૦૬૫ | ૧૧૭૦ |
| મગ | ૧૫૬૧ | ૧૫૬૧ |
| સોયાબીન | ૭૪૫ | ૭૪૫ |
| શીંગ ફાડા | ૧૧૩૬ | ૧૧૩૬ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૮૧ |
| મગફળી | ૮૯૭ | ૮૯૭ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૫૧ |
| જુવાર સફેદ | ૮૦૭ | ૮૧૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ઘઉં | ૫૫૧ | ૫૫૧ |
| ધાણા | ૧૨૫૧ | ૧૫૧૨ |
| એરંડા | ૧૧૮૨ | ૧૧૮૨ |
| જીરૂ | ૩૯૦૦ | ૩૯૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૧૮ |
| ઘઉં લોકવન | ૩૦૧ | ૪૯૮ |
| ઘઉં ટુકડા | ૪૦૩ | ૪૭૧ |
| ચણા | ૭૮૦ | ૧૦૨૦ |
| મેથી | ૯૦૦ | ૯૯૫ |
| ધાણા | ૭૪૦ | ૧૩૩૦ |
| મગફળી | ૮૫૦ | ૯૦૦ |
| તુવેર | ૮૧૦ | ૧૩૫૦ |
| ચણા સફેદ | ૧૦૪૦ | ૧૧૩૦ |
| રાય | ૭૦૦ | ૭૦૦ |
| મગ | ૧૮૬૫ | ૧૮૬૫ |
| સોયાબીન | ૬૫૭ | ૮૧૧ |
| ચણા સોલે | ૧૧૫૫ | ૧૬૫૫ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૨૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૬૧ |
| તુવેર | ૭૦૧ | ૧૪૦૧ |
| મગફળી | ૭૦૧ | ૯૯૬ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૧૯૬ |
| મેથી | ૭૦૦ | ૯૦૧ |
| ધાણા | ૯૦૧ | ૧૪૧૬ |
| સોયાબીન | ૭૦૦ | ૮૪૬ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૦૦ | ૫૩૫ |
| તુવેર | ૮૪૦ | ૧૩૯૦ |
| વાલ | ૯૭૫ | ૧૩૯૦ |
| મેથી | ૯૫૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૬૦૦ | ૧૮૦૫ |
| મગફળી જીણી | ૭૦૦ | ૧૦૫૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૪૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૧૭૫ |
| રાયડો | ૯૫૦ | ૧૧૦૦ |
| રાઈ | ૧૦૫૦ | ૧૨૨૫ |
| લસણ | ૪૦૦ | ૧૪૦૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૩૫ |
| જીરૂ | ૨૬૦૦ | ૪૩૦૦ |
| અજમો | ૧૬૨૦ | ૩૫૦૦ |
| ધાણા | ૯૦૦ | ૧૫૦૦ |
| ધાણી | ૧૫૦૦ | ૧૯૦૫ |
| ડુંગળી સૂકી | ૫૫ | ૩૨૫ |
| મરચા સુકા | ૩૫૦ | ૩૦૦૦ |
| વટાણા | ૯૦૦ | ૧૬૭૦ |
| કલોંજી | ૨૫૦૦ | ૩૫૮૦ |
| રાજમા | ૩૦૦ | ૧૩૧૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૫ | ૧૫૧૫ |
| કપાસ મીડીયમ | ૧૧૨૦ | ૧૩૮૦ |
| મગફળી જી-૨૦ | ૯૬૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૦૧૨ | ૧૦૬૦ |
| જીરૂ | ૩૪૪૦ | ૪૧૬૦ |
| ઘઉં | ૪૮૨ | ૫૪૮ |
| તુવેર | ૧૨૧૦ | ૧૩૩૦ |
| ધાણા | ૧૩૩૦ | ૧૬૧૦ |
| મેથી | ૮૧૦ | ૧૦૦૦ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું
મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ:
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલેવરી લોડીંગ
૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કોંગ્રેસના અધિવેશન માટે ખાસ પોસ્ટર તૈયાર, મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને નહેરૂને સ્થાન



અમદાવાદ,તા.૦૨

કોંગ્રેસના અધિવેશનને લઈને તૈયારીઓ શરૂ કરવામાં આવી છે ત્યારે કોંગ્રેસ દ્વારા અધિવેશન માટે ખાસ પોસ્ટર તૈયાર કરવામાં આવ્યું છે. આ પોસ્ટરમાં મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને જવાહરલાલ નેહરુનો ફોટો રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેનો પણ મોટો ફોટો રાખવામાં આવ્યો છે. ત્યારબાદ પોસ્ટરમાં સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી, કે.સી વેણુગોપાલ, મુકુલ વાસનિક, શક્તિસિંહ ગોહિલ, અમિત ચાવડા અને શૈલેષ પરમારનો ફોટો એક લાઈનમાં રાખવામાં આવ્યો છે. આ પોસ્ટરની થીમ ન્યાય પથ રાખવામાં આવી છે જેમાં નીચે સંકલ્પ, સમર્પણ અને સંઘર્ષનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પોસ્ટર ખાસ કોંગ્રેસના અધિવેશનને લઈને લોન્ચ કરવામાં આવ્યું છે. અધિવેશનમાં ૩ હજાર લોકો હાજર રહેશે. તમામ લોકોને કાર્યક્રમ સ્થળ અને હોટલ આવવા જવા માટે ગાડીની વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ નેતાઓ જે ગાડીમાં અવરજવર કરશે તે તમામ ગાડી પર પોસ્ટર લગાવવામાં આવશે. અધિવેશનમાં તમામ ગાડીઓ પર કોંગ્રેસનું પોસ્ટર જોવા મળશે.

**મકાનમાં પરિવાર સુતો હતો અને ઉપરના ભાગેથી સિંહે પ્રવેશ કર્યો**

# રાજુલાના કોવાયા ગામમાં રહેણાંક મકાનમાં સિંહ ઘૂસી જતા અફરાતફરી

**ગ્રામજનોએ હાકલા-પડકારા કરી સિંહને બહાર કાઢયો**



અમરેલી,તા.૦૨

રાજુલા પંથકમાં આવેલા કોવાયા ગામમાં રાત્રીના સમયે મુળુભાઈ રામભાઈ લાખણોત્રાના રહેણાંક મકાનમાં પરિવાર સુતો હતો અને ઉપરના ભાગેથી સિંહ શિકારની શોધમાં ઘરમાં ઘૂસી જતાં પરિવારજનોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. જોકે, આસપાસના લોકોને આ ઘટના ધ્યાને આવતા સાવચેતી રાખી લોકો એકઠા થયા હતા અને હાકલા-પડકારા કરીને સિંહને મહામુસબીતે બહાર કાઢ્યો હતો. આ ઘટનાથી કોવાયા ગ્રામજનોમાં ફફડાટ સાથે રોષ ફેલાયો હતો. જ્યારે અન્ય ૫ જેટલા સિંહો પણ ગામની બજારોમાં ફરતા હતા. અગાઉ પણ રાજુલાના કોવાયા ગામના રહેણાંક મકાનમાં સિંહ ઘૂસી જતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

# રાજકોટમાં ૧૮ વર્ષથી ગેરકાયદે ધમધમતી હતી સાબુ ફેકટરી, રૂડાએ નોટિસ આપી



રાજકોટ,તા.૦૨

રાજકોટના કુવાડવા રોડ આણંદપર નવાગામમાં ગઈકાલે બપોરે સાબુની જે.કે. કોટેજ ઈન્ડસ્ટ્રીઝમાં આગ લાગતા ૭ ફાયર ફાઈટરની મદદથી ૬૦ જવાનો દ્વારા સાંજે આગ પર કાબૂ મેળવી શકાયો હતો. જોકે, આ ઘટનામાં નવો ઘટસ્ફોટ થયો છે કે, આ ઈન્ડસ્ટ્રીઝ વર્ષ ૨૦૦૭થી એટલે કે ૧૮ વર્ષથી રૂડા(રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ)ની મંજૂરી વિના ધમધમતી હતી. હવે આગ લાગી ત્યારે કૂવો ખોદ્યાની માફક રૂડાએ નોટિસ આપી છે અને હવે કાયદેસરની કાર્યવાહી કરશે. જોકે, આ દરમિયાન રૂડાની કચેરીમાં જ આગ બુઝાવવા માટેના સાધનો એક્સપાયરી ડેટવાળા હોવાનું સામે આવ્યું છે.

# નાના માચીયાળા ગામે ૨૭૦૦થી વધુ વૃક્ષોના વાવેતરનો સંકલ્પ કરતાં કૌશિક વેકરીયા

અમરેલી,તા.૦૨



ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી વિધાનસભાને વિકસીત સાથે હરિયાળુ બનાવવાનો સંકલ્પ લીધો છે. આ અભિયાનને વેગવંતુ બનાવવા માટે અમરેલીથી હજારો વૃક્ષોનું વાવેતર કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. ગ્રીન કવર વધારવાની ઝુંબેશ સ્વરૂપે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામ ખાતે ૨૭૦૦થી વધુ વૃક્ષ વાવેતરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. વૃક્ષારોપણ સાથે તેના જતનનો સંકલ્પ લઈને અમરેલીને હરિયાળું બનાવવા આ વિસ્તારમાં અગાઉ પણ જેટકો સબ સ્ટેશનને ધ્યાને લઈ ૩૩૦૦ વૃક્ષોનું વાવેતર થઈ ચૂક્યું છે તથા હાલના આયોજનમાં સદભાવના ટ્રસ્ટ રાજકોટ, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, સરપંચ વનરાજભાઈ ડાંગર સહિત ટીમ દ્વારા અમરેલી-ચિતલ મુખ્ય માર્ગે નાના માચીયાળા પાસે રોડના કાંઠે આયોજન કરવામાં આવ્યું છે.

# બીએપીએસના વડા મહંત સ્વામી આજથી એક મહિના માટે સુરતમાં રોકાણ કરશે

સુરત,તા.૦૨



BAPS સ્વામિનારાયણ સંપ્રદાયના વડા મહંત સ્વામી આજે સવારે ૬ વાગ્યે ઓસ્ટ્રેલિયાથી ચાર્ટર્ડ ફ્લાઈટ દ્વારા સુરત પધારી રહ્યા છે. સુરત એરપોર્ટ ખાતે હરિભક્તો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. મહંત સ્વામી એરપોર્ટ નજીક આવેલા YPD કન્વેન્શન ડોમમાં હરિભક્તોને આશીર્વચન આપશે. તેઓ ૩ એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી સુરતના કણાદ સ્વામિનારાયણ અક્ષરધામમાં રોકાણ કરશે. પ્રથમ ૧૦ એપ્રિલ સુધી કણાદ અક્ષરધામ ખાતે તેમનું રોકાણ રહેશે. ત્યારબાદ ૧૦થી ૩૦ એપ્રિલ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

# લીલીયામાં સરકારી કોલેજ અને અમૃતબા વિદ્યાલય ખાતે પોલીસ દ્વારા સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



લીલીયા,તા.૦૨

લીલીયામાં સરકારી કોલેજ અને અમૃતબા વિદ્યાલય ખાતે સાયબર ક્લબ અને લીલીયા પોલીસના સંયુક્ત ઉપક્રમે એક સાયબર માર્ગદર્શન આપવા માટે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાભ યોજાયો હતો. લીલીયા પોલીસ સ્ટેશનના P.I આઈ.જે.ગીડા અને P.S.I વાય.એમ.જાડેજાના માર્ગદર્શન તળે પો.કો સંજયભાઈ ઈટાલીયા તથા ગૌતમભાઈ ખુમાણ દ્વારા સાયબર જાગૃતિ કાર્યક્રમમાં જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ખાસ ધીબલી એપ કે જેમાં ફોટા ડાગલા જેવા થઈ જાય છે જેનો હાલ ખૂબ ક્રેઝ હોય તેમજ A.P.K એપ્લિકેશન લગ્ન કંકોત્રી જેવી ફ્રોડ એપ્લિકેશનથી કેમ બચવું તેના વિશે વિદ્યાર્થીઓને માહિતી અપાઈ હતી. કોલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન અને પૂર્વ પોલીસ અધિકારી ડૉ. સુભાષ ઓડેદરા કે જેઓ સાયબર ક્લબના કો ઓર્ડીનેટર છે અને ગુજરાતના જાણીતા સાઈબર નિષ્ણાત પણ છે તેમના અથાક પ્રયાસથી સાયબર ગુન્હા અટકાવવા માર્ગદર્શન આપી રહ્યા છે અને લોકોને જાગૃત કરી રહ્યા છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

**પોલીસની કડક કાર્યવાહીથી વાહનચાલકોમાં ફફડાટ**

# રાજુલા પોલીસ દ્વારા ટ્રાફિક ઝુંબેશ કડક, ૧૦૯ વાહનોને ડીટેઈન કરાયા

**૮૭૨ એન.સી. કેસ કરવામાં આવ્યા, ૨,૧૬,૯૦૦નો દંડ વસુલાયો**

રાજુલા,તા.૦૨

રાજુલા પોલીસ દ્વારા વિવિધ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેમાં માર્ચ મહિનામાં સૌથી મોટી ટ્રાફિક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેમાં ૩૧ માર્ચ સુધીમાં એમબી એકટ મુજબ ૮૭૨ એન.સી. કેસ કરવામાં આવ્યા અને સ્થળ ઉપર ૨,૧૬,૯૦૦ નો દંડ વસૂલાત કરવામાં આવ્યો હતો. જ્યારે ૨૦૭ મુજબ ૧૦૯ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા અને ડિટેઈન કરેલા વાહનોનો આર.ટી.ઓ. દંડ ૨,૭૪,૩૦૦ થવા પામ્યો હતો. આ માર્ચ મહિનામાં કુલ પાંચ લાખ કરતા વધારેની આવક સરકારની તિજોરીમાં જમા થઈ અને વાહન ચાલકોને દંડ આપ્યો હતો પરિણામે વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. આગામી સમયમાં પણ ટ્રાફિકની આ કામગીરી કડકમાં કડક રીતે ચાલુ રહેશે તેવું પોલીસે જણાવ્યું હતું. આ કામગીરીમાં રાજુલા પી.આઈ. એ.ડી. ચાવડા, પી.એસ.આઈ ચૌહાણ ટ્રાફિક ઈન્ચાર્જ વૈભવભાઈ સોલંકી, નીરૂભાઈ પરમાર, વિજયભાઈ કોટીલા, મેહુલભાઈ જોગરાણા સહિત સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# સા.કુંડલાનાં કાપેલધાર વિસ્તારનાં શખ્સને પાસા હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલ ધકેલાયો

**અસામાજીક તત્વો સામે પોલીસની કડક કાર્યવાહી**



અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાં વિવિધ ગુન્હાઓમાં ઝડપાયેલ અને હાલ જામીન પર છૂટેલા હોય છતાં અસામાજીક પ્રવૃત્તિઓ આચરનારા શખ્સો સામે જિલ્લા પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સાવરકુંડલાના કાપેલધાર વિસ્તારમાં રહેતા અને પ્રોહિબિશનની પ્રવૃત્તિ કરતા શિલ્પેશ ઉર્ફે શિલ્પુ બાલુભાઈ વાળા વિરૂધ્ધ પુરાવાઓ એકઠા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક મારફતે કલેકટર તરફ મોકલી આપવામાં આવી હતી. જેથી કલેકટર દ્વારા આ બુટલેગર ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યુ કરતા શિલ્પેશ વાળાને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ અમદાવાદ ખાતે મોકલવામાં આવ્યો હતો.

# ગાંધીનગરમાં વ્યાયામ શિક્ષકોનું ૧૭મા દિવસે પણ આંદોલન ચાલુ

ગાંધીનગર,તા.૦૨

ગાંધીનગરમાં ખેલ સહાયક યોજના રદ કરી કાયમી ભરતીની માગ સાથે વ્યાયામ શિક્ષકોનું આંદોલન ૧૭મા દિવસે પણ ચાલુ રહ્યું છે. મંગળવારે (૧ એપ્રિલે) શિક્ષકોએ સચિવાલય તરફ કૂચ કરી હતી. પોલીસે તમામની અટકાયત કરી હતી. ત્યારે બુધવારે પણ વ્યાયામ શિક્ષકો સત્યાગ્રહ છાવણીએ એકઠા થતાં અટકાયત કરાઈ છે. સરકાર ટસની મસ થઈ રહી નથી ત્યારે અડીખમ વલણ ધરાવી વ્યાયામ શિક્ષકો ૧૭ દિવસથી લડત ચલાવી રહ્યા છે અને આંદોલન માટે મક્કમ છે. બુધવારે પણ શિક્ષકો સત્યાગ્રહ છાવણીએ ધરણા માટે એકઠા થયા હતા. પોલીસે ફરી તેમની અટકાયત કરી લીધી છે. શિક્ષકોએ પોલીસની કાર્યવાહી જાણતા તાળીઓ પાડીને તેમનું સ્વાગત કર્યું હતું.

# ધોરાજીમાં રામનવમીની ભવ્ય ઉજવણીની તૈયારીઓ પૂરજોશમાં

ધોરાજી,તા.૦૨

ધોરાજીમાં વિશ્વ હિન્દુ પરિષદ સહિતની સંસ્થાઓ દ્વારા રામનવમીની ઉજવણીની તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે. ધોરાજી ખાતે વિશ્વ હિન્દુ પરિષદ ધોરાજી પ્રખંડની બેઠક યોજાઈ હતી જેમાં રામનવમી સહિતના આગામી ઉત્સવોની ઉજવણીના આયોજન તેમજ પરિષદના પ્રશિક્ષણ વર્ગોના કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરાઈ છે. આ બેઠકમાં રામનવમી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ:- ૦૬/૦૪/૨૦૨૫ ને રવિવારે સવારે ૭:૦૦ કલાકે રામ મંદિરે સંતો તથા આગેવાનોના હસ્તે પૂજન અને આરતી બાદ રામનવમી શોભાયાત્રાનું પ્રસ્થાન થશે. જે જમનાવડ રોડ, પોસ્ટ ઓફિસ ચોક, ગેલેક્સી ચોક, અવેડા ચોક, શાક માર્કેટ, મેન બજાર, દરબારગઢ, ત્રણ દરવાજા, સ્ટેશન રોડ થઈને રામ મંદિરે પૂર્ણ થશે. ત્યારબાદ બપોરે ૧૨:૦૦ કલાકે રામ મંદિર ખાતે રામ જન્મોત્સવની ભવ્ય મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

વિશ્વ હિન્દુ પરિષદ ધોરાજી પ્રખંડની બેઠકમાં બજરંગ દળ દ્વારા હનુમાન ચાલીસા કેન્દ્રો ધોરાજીના દરેક વિસ્તારોમાં થાય તેવું નક્કી કરવામાં આવ્યું છે.


**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૬૬/૨૦૨૫ — તા.૨૪/૦૩/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. રહીમભાઈ બચુભાઈ મલેક

રહે. આઝાદચોક, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧.જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના ભાણેજ **નાસીરભાઈ હુસેનભાઈ મકવાણાનો જન્મ તા.૨૪/૧૦/૧૯૫૯** ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**


# ડાંગ જિલ્લામાં ભરઉનાળે કમોસમી વરસાદ, ખરીફ પાકને નુકસાનની ભીતિ



આહવા,તા.૦૨

ડાંગ જિલ્લાના આહવામાં ભરઉનાળે વાતાવરણમાં પલટો આવ્યો છે જેમાં વહેલી સવારે વરસાદ આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને ગિરિમથક સાપુતારામાં વાદળછાયું વાતાવરણ સર્જાયુ હતું, તો બીજી તરફ ચિંચલી પૂર્વ પટ્ટીમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને સ્થાનિકો અને પર્યટકોને ગરમીથી મુકિત મળી હતી. ડાંગ જિલ્લાના વાતાવરણમાં એકાએક પલટો આવતાં છૂટાછવાયા વિસ્તારોમાં અમી છાંટણા તો ચિંચલી પૂર્વ પટ્ટીમાં અનેક જગ્યાએ ધોધમાર વરસાદ ખાબક્યો હતો. વીજળીના ચમકારા સાથે કમોસમી વરસાદ થતા ખરીફ પાકને નુકસાની થવાની શકયતા સાથે ખેડૂતો ચિંતાતૂર બન્યા છે. ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી અચાનક વાતાવરણ બદલાતા આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ જતા છૂટાછવાયા વિસ્તારોમાં માવઠું થતાં સમગ્ર પંથકમાં ઠંડકની લહેર વ્યાપી હતી, તો બીજી તરફ સાપુતારા-આહવા સહિત આજુબાજુના વિસ્તારમાં અમી છાંટણા થયા હતા.


**-/એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, તાલાલા//-**

નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં.૨૩/૨૦૨૫

શ્રી સમા માકુબેન અલારખા
મુ.વડાળા, તા.તાલાલા,
જિ.ગીર સોમનાથ............ અરજદાર

**-//વિરૂધ્ધ//-**

તલાટી કમ મંત્રીશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી,
ગ્રામ પંચાયત કચેરી, વડાળા,
તા.તાલાલા..................... સામાવાળા

બાબત:- જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રી સમા માકુબેન અલારખા ના પુત્ર સમા ગફાર અલારખાનો જન્મ મુ.વડાળા, તા.તાલાલા મુકામે તા.૨૦/૧૨/૧૯૮૦ના રોજ થયેલ છે. જેની જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની ગ્રામ પંચાયત કચેરી, વડાળા, તા.તાલાલામાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી સમા માકુબેન અલારખા મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ના રોજ બપોરના ૧૧ : ૩૦ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવુ અને આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT) અને સમાચાર પત્રમાં પ્રસિધ્ધિ કરી સમાચાર પત્ર રજુ કરવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**

**તાલાલા**

# પ.બંગાળમાં હિન્દુ સંગઠનોએ રામનવમીએ ૨૦૦૦ રેલી કાઢવાની જાહેરાત કરતા મમતાની ચિંતામાં વધારો

(એચ.એસ.એલ),કોલકતા,તા.૨

૬ એપ્રિલે રામનવમીની ઉજવણીને લઈને પશ્ચિમ બંગાળમાં રાજકીય ઉથલપાથલ ચાલી રહી છે. વિશ્વ હિન્દુ પરિષદ સહિત વિવિધ હિન્દુ સંગઠનોએ રામનવમી નિમિત્તે પશ્ચિમ બંગાળમાં લગભગ ૨૦૦૦ રેલીઓ કાઢવાની જાહેરાત કરી છે. પાછલા વર્ષોમાં રામનવમી દરમિયાન થયેલી સાંપ્રદાયિક હિંસાની ઘટનાઓને ધ્યાનમાં



રાખીને રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીની ચિંતામાં વધારો થયો છે.

રામનવમીના દિવસે થયેલી હિંસાને ધ્યાનમાં રાખીને, બંગાળ પોલીસે સુરક્ષા કડક બનાવી દીધી છે અને ૯ એપ્રિલ સુધી રાજ્યભરમાં તેના કર્મચારીઓની તમામ રજાઓ રદ કરી દીધી છે. કાયદા અને વ્યવસ્થા વિભાગના અધિક મહાનિર્દેશક દ્વારા હસ્તાક્ષરિત એક આદેશ બુધવારથી તાત્કાલિક અસરથી અમલમાં આવ્યો છે. રાજ્યમાં છૂટાછવાયા હિંસા અને સાંપ્રદાયિક તણાવના ઈતિહાસને ધ્યાનમાં રાખીને પોલીસે આ પગલું ભર્યું છે. રાજ્યના તમામ પોલીસ અધિક્ષકો અને પોલીસ કમિશનરોને મોકલવામાં આવેલા આદેશમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે રજાઓ ફક્ત અત્યંત કટોકટીની સ્થિતિમાં જ મંજૂર કરવામાં આવશે.

# માર્ચ મહિનામાં ભારતના ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ ૮ મહિનાની ટોચે પહોંચ્યો : રિપોર્ટ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨

માંગની સ્થિતિમાં સુધારો થવા છતાં ફેક્ટરી ઓર્ડર અને ઉત્પાદનમાં તીવ્ર વધારો થવાને કારણે માર્ચ મહિનામાં ભારતના ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ આઠ મહિનાની ટોચે પહોંચ્યો છે. બુધવારે એક માસિક સર્વેમાં આ વાત કહેવામાં આવી હતી. અહેવાલ મુજબ, મોસમી રીતે સમાયોજિત એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ માર્ચમાં ૫૮.૧ પર રહ્યો,



જે ફેબ્રુઆરીમાં ૫૬.૩ હતો, જે આ ક્ષેત્રના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો દર્શાવે છે જે તેની લાંબા ગાળાની સરેરાશથી ઉપર હતો.

રિપોર્ટ અનુસાર, ફેબ્રુઆરીમાં, નવા ઓર્ડર અને ઉત્પાદનમાં ધીમી વૃદ્ધિ વચ્ચે ભારતનો મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ ૧૪ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો છે. પીએમઆઈની ભાષામાં, ૫૦ થી ઉપરનો સ્કોર વિસ્તરણ દર્શાવે છે, જ્યારે ૫૦ થી નીચેનો સ્કોર સંકોચન દર્શાવે છે. ફેબ્રુઆરીમાં ભારતમાં ઉત્પાદન ક્ષેત્રની વૃદ્ધિએ ગુમાવેલો વિસ્તાર પાછો મેળવ્યો, જે મુખ્યત્વે તેના સૌથી મોટા પેટા ઘટકઃ નવા ઓર્ડર ઈન્ડેક્સના મજબૂત યોગદાનને કારણે પ્રેરિત થયો છે.

સર્વેમાં જણાવાયું છે કે માર્ચમાં એકંદર વેચાણમાં જુલાઈ ૨૦૨૪ પછી સૌથી વધુ વૃદ્ધિ જોવા મળી હતી, જેમાં કંપનીઓએ સકારાત્મક ગ્રાહક રસ, અનુકૂળ માંગની સ્થિતિ અને સફળ માર્કેટિંગ પ્રયાસો પર ટિપ્પણી કરી હતી. આ મુજબ, કંપનીઓએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના અંતે ઉત્પાદન વોલ્યુમમાં વધારો કર્યો. માર્ચમાં નવા નિકાસ ઓર્ડરમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી હતી.

# રામનવમી માટે અયોધ્યા તૈયાર, રામ ભક્તો દુરદર્શન પર ઘરે સૂર્ય તિલકનો આનંદ માણી શકશે

અયોધ્યા,તા.૨

રામનવમી પર અયોધ્યામાં ભારે ભીડ થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને, રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે રામ ભક્તોને અપીલ કરતો એક વીડિયો જાહેર કર્યો છે. આમાં, તેમણે પહેલીવાર ભગવાન રામની જન્મજયંતિ પર યોજાનારા કાર્યક્રમ વિશે સંપૂર્ણ માહિતી આપી છે. તમને જણાવી દઈએ કે અયોધ્યામાં રામલલાની જન્મજયંતિની તૈયારીઓ યુદ્ધ સ્તરે ચાલી



રહી છે. ચંપત રાયે જણાવ્યું હતું કે ચૈત્ર નવરાત્રીના પહેલા દિવસથી રામ મંદિરમાં રામ જન્મોત્સવ સંબંધિત ધાર્મિક વિધિઓ શરૂ થઈ ગઈ છે. રામ ભક્તો દુરદર્શન પર ઘરે સૂર્ય તિલકનો આનંદ માણી શકશે.

# બિહાર પોલીસે રાજ્યમાં ટોચના ગુનેગારોની યાદી તૈયાર કરી, ગેરકાયદેસર મિલ્કત જપ્ત કરાશે

(એચ.એસ.એલ),પટણા,તા.૨

હવે બિહારમાં ગુનેગારોની ધરપકડ અને સજા કરવાની સાથે, તેમની ગેરકાયદેસર રીતે કમાયેલી સંપત્તિ પણ જપ્ત કરવામાં આવશે. બધા જિલ્લાઓને આવા ગુનેગારોની ઓળખ કરીને યાદી મોકલવા કહેવામાં આવ્યું છે. પોલીસ હેડક્વાર્ટરના ઓડિટોરિયમમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં એડીજી



(હેડક્વાર્ટર) કુંદન કૃષ્ણને આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ભારતીય ન્યાયિક સંહિતામાં વ્યાવસાયિક ગુનેગારોની સંપત્તિ જપ્ત કરવાની જોગવાઈ છે. આવા ગુનેગારોની મિલકત પોલીસના રડાર પર છે. તેમની સામે ટૂંક સમયમાં કાર્યવાહી કરવામાં આવશે.

બિહાર પોલીસ તેની શૂન્ય સહિષ્ણુતાની નીતિનું કડક પાલન કરી રહી છે તે વાતનો પુનરોચ્ચાર કરતા, એડીજીએ જણાવ્યું હતું કે પટના નજીક દાનાપુરમાં જીવા જ્વેલરી શોપ અને અરાહમાં તનિષ્ક શોરૂમમાં તાજેતરમાં થયેલી લૂંટની ઘટનાઓના માસ્ટરમાઈન્ડ પશ્ચિમ બંગાળની પુરુલિયા જેલમાં બંધ બે કુખ્યાત ગુનેગારો હોવાનું જાણવા મળ્યું છે. એડીજી કુંદન કૃષ્ણને જણાવ્યું હતું કે રાજ્યમાં ઉચ્ચ સુરક્ષાવાળી જેલ બનાવવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. તેનો પ્રસ્તાવ ટૂંક સમયમાં ગૃહ વિભાગને સુપરત કરવામાં આવશે.

# જોધપુર સેન્ટ્રલ જેલમાં આત્મસમર્પણ કર્યા બાદ આસારામની તબિયત લથડી

(એચ.એસ.એલ),જોધપુર,તા.૨

જોધપુર સેન્ટ્રલ જેલમાં આત્મસમર્પણ કર્યાના લગભગ ૯ કલાક પછી આસારામની તબિયત લથડી ગઈ હતી. આ કારણે, મંગળવારે રાત્રે લગભગ ૧૧ વાગ્યે તેમને પોલીસ સુરક્ષા હેઠળ આરોગ્યમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ સમયે પણ, આસારામ હોસ્પિટલમાં દાખલ છે અને ડૉક્ટરની દેખરેખ હેઠળ તેમની સારવાર કરાવી રહ્યા છે. આસારામ અચાનક કઈ સમસ્યાનો ભોગ બન્યા તેની માહિતી હજુ સુધી



જાહેર કરવામાં આવી નથી. પરંતુ જ્યારે આસારામે મંગળવારે બપોરે આત્મસમર્પણ કર્યું, ત્યારે તેમના પગ પર પ્લાસ્ટર લાગેલું જોવા મળ્યું હતું. એટલા માટે તે પણ હોસ્પિટલમાં દાખલ થવાનું કારણ હોઈ શકે છે. જોકે, કારણ વિશે સ્પષ્ટપણે કંઈ કહી શકાય નહીં.

# મહારાષ્ટ્રના બુલઢાણામાં માર્ગ અકસ્માત, બસ અને કાર વચ્ચે ટક્કરમાં ૫ લોકોના મોત

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨

મહારાષ્ટ્રના બુલઢાણામાં બુધવારે સવારે એક ભયાનક માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે. બુધવારે સવારે પૂર્વ મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લામાં બસ અને સ્પોર્ટ્સ યુટિલિટી વાહન વચ્ચે ટક્કર થતાં પાંચ લોકોના મોત થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. જ્યારે ૨૪ થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી




ગઈ હતી અને આગળની કાર્યવાહી શરૂ કરી હતી. ઘાયલોની ખામગાંવની સરકારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

ખામગાંવ-શેગાંવ હાઈવે પર સવારે લગભગ ૫.૩૦ વાગ્યે એક ઝડપી ગતિએ આવતી બોલેરો કાર મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસ સાથે અથડાઈ હતી. આ પછી તરત જ, એક ખાનગી બસે બંને વાહનોને ટક્કર મારી. ખાનગી બસના આગળના કેબિનને ભારે નુકસાન થયું હતું. ક્ષતિગ્રસ્ત ભાગમાંથી ડ્રાઈવરને બચાવવાના ભારે પ્રયાસો કરવામાં આવ્યા. અકસ્માત એટલો ગંભીર હતો કે ત્રણેય વાહનોના ટૂકડા થઈ ગયા હતા. મોટી સંખ્યામાં પોલીસ દળે સ્થળ પર હાજર રહી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજાઈ

ગાંધીનગર, તા.૦૨

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર મુખ્ય નિર્વાચન અધિકારી, જિલ્લા ચૂંટણી અધિકારી તથા મતદાર નોંધણી અધિકારી કક્ષાએ મળી રાજ્યભરમાં વિવિધ માન્ય રાજકીય પક્ષોના ૯૦૦થી વધુ પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજાઈ હતી. દ્વિપક્ષીય સંવાદ દ્વારા ચૂંટણી વ્યવસ્થાને સંલગ્ન માર્ગદર્શિકાઓ અને સૂચનાઓને લગતા કાયદાની મર્યાદામાં આવતી રાજકીય પક્ષોની રજૂઆતો સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી. ગત ૪થી અને ૫મી માર્ચના રોજ નવી દિલ્હીના IIDEM ખાતે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના અધ્યક્ષસ્થાને યોજાયેલી મુખ્ય ચૂંટણી અધિકારીઓની પરિષદ દરમિયાન આપવામાં આવેલા નિર્દેશો અનુસાર ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા તથા તેમની સૂચનાથી રાજ્યના તમામ જિલ્લાઓમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજવામાં આવી હતી. ભારતનું સંવિધાન, લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૦ અને ૧૯૫૧, મતદાર નોંધણી નિયમો-૧૯૬૦, ચૂંટણી સંચાલન નિયમો-૧૯૬૧ ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવેલી કાર્યપદ્ધતિઓ, સૂચનાઓ અને માર્ગદર્શિકાઓ સંદર્ભે મુખ્ય નિર્વાચન અધિકારી, જિલ્લા ચૂંટણી અધિકારીઓ તથા મતદાર નોંધણી અધિકારીઓ સાથે રાજકીય પક્ષોની રજૂઆત સંદર્ભે આ બેઠકોમાં વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

# મ્યાનમાર પછી હવે જાપાનમાં ભૂકંપની ચેતવણી કરાતા વિશ્વમાં હલચલ

ટોક્યો,તા.૨

થાઈલેન્ડ અને મ્યાનમારમાં ૭.૭ ની તીવ્રતાના ભૂકંપ પછી, હવે જાપાનમાં ''પૃથ્વી પરનો સૌથી ભયંકર મેગાક્વેક'' ની ચેતવણી જારી કરવામાં આવી છે. આનાથી ફક્ત જાપાનમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં હલચલ મચી ગઈ છે. તમને જણાવી દઈએ કે મ્યાનમાર અને થાઈલેન્ડમાં આવેલા ભૂકંપમાં અત્યાર



સુધીમાં ૨૦૦૦ થી વધુ લોકોના મોત થયા છે. એવી આગાહી કરવામાં આવી છે કે વિશ્વના સૌથી મોટા મેગા ભૂકંપમાં ૩ લાખથી વધુ લોકો મૃત્યુ પામી શકે છે. આના પરથી તમે ભૂકંપની તીવ્રતાનો અંદાજ લગાવી શકો છો. ન્યૂઝવીકના અહેવાલ મુજબ, જાપાન સરકારે સોમવારે એક મોટી ચેતવણી જારી કરી હતી કે આગામી ''મેગાક્વેક'' દ્વીપસમૂહ રાષ્ટ્રને અસર કરી શકે છે, જેમાં ૩,૦૦,૦૦૦ લોકો મૃત્યુ પામશે અને ભયંકર આર્થિક નુકસાન થશે.

# જામનગરમાં ફાઈટર પ્લેન ક્રેશ: પાયલોટનું મોત, એક સારવાર હેઠળ

જામનગર, તા.૦૨

જામનગરના કાલાવડ રોડ પર આવેલા સુવરડા ગામની સીમમાં ફાઈટર પ્લેન ક્રેશ થયું છે. આ અંગે મળતી માહિતી મુજબ આ દુર્ઘટનામાં એક



પાયલોટનું મોત થયું છે. જ્યારે એકને સારવાર હેઠળ ખસેડાયો છે. બીજી તરફ જે વિસ્તારમાં પ્લેન ક્રેશ થયું છે તે સમગ્ર વિસ્તાર આગની લપેટમાં આવી ગયો છે. ફાઈટર પ્લેનના અનેક ટુકડાઓ થયા હતા. પ્લેન ક્રેશ થતાની સાથે જ આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો ઘટના સ્થળે ઉમટ્યા હતા. ઘટનાની જાણ થતાં જ SP, કલેક્ટર સહિતનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો.

# છત્તીસગઢમાં નક્સલવાદીઓની તાત્કાલિક યુદ્ધવિરામ અને શરતી શાંતિ વાટાઘાટોની માંગ

જગદલપુર,તા.૨

છત્તીસગઢમાં સુરક્ષા દળોની સતત કાર્યવાહી બાદ નક્સલીઓએ હવે યુદ્ધવિરામની માંગણી કરી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે જો સરકાર ઓપરેશન બંધ કરવાની જાહેરાત કરે તો નક્સલવાદીઓ વાત કરવા તૈયાર છે. હકીકતમાં, છેલ્લા કેટલાક મહિનાઓથી, સુરક્ષા દળોની ટીમો સતત ઓપરેશન ચલાવી રહી છે જેમાં



સૈનિકો દ્વારા ઘણા ખતરનાક નક્સલીઓને ઠાર મારવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની નક્સલ પ્રભાવિત બસ્તરની મુલાકાત પહેલા, નક્સલવાદીઓએ તાત્કાલિક યુદ્ધવિરામ અને શરતી શાંતિ વાટાઘાટોની માંગ કરી છે. નક્સલવાદી પ્રવક્તા અભય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં, કેન્દ્ર સરકારને નક્સલવાદી વિરોધી કાર્યવાહી બંધ કરવા વિનંતી કરવામાં આવી છે. આ સાથે, સુરક્ષા દળોને પાછા ખેંચવાની અને માઓવાદી વિરોધી કાર્યવાહી બંધ કરવાની માંગ કરવામાં આવી છે.

# પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં બાળકી પર બળાત્કાર કરી હત્યા કરનાર ૪ લોકોને એન્કાઉન્ટરમાં ઠાર મરાયા

(એચ.એસ.એલ),લાહોર,તા.૨

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં પોલીસે ૧૧ વર્ષની બાળકી પર બળાત્કાર અને હત્યાના ચાર આરોપીઓને એન્કાઉન્ટરમાં ઠાર માર્યા હતા. આ અંગે માહિતી આપતાં, એક પોલીસ સૂત્રએ જણાવ્યું હતું કે લાહોરથી લગભગ ૪૦૦ કિલોમીટર દૂર બહાવલપુર જિલ્લામાં ૨૪ માર્ચે છોકરી પર બળાત્કાર અને હત્યા કરનારા શંકાસ્પદો તેના સંબંધીઓ હતા. સૂત્રએ જણાવ્યું હતું કે આરોપીઓમાં છોકરીના બે મામા અને બે પિતરાઈ ભાઈ-બહેનો હતા. તેમણે કહ્યું કે ૩૦ માર્ચે ધરપકડ




કરાયેલા ચાર શંકાસ્પદોએ તેમના ગુના કબૂલી લીધા છે.

સૂત્રએ જણાવ્યું હતું કે, આરોપીઓ દ્વારા સગીર છોકરી પર ક્રૂર બળાત્કાર અને હત્યા કરવામાં આવી હોવાથી, આવા ગુનેગારો પ્રત્યે કોઈ પણ પ્રકારની ઉદારતા દાખવી શકાય નહીં. તેમણે કહ્યું કે આરોપીઓ પોલીસ દ્વારા એન્કાઉન્ટરમાં માર્યા ગયા હતા. જોકે, પોલીસના નિવેદનમાં દાવો કરવામાં આવ્યો છે કે, 'પીડિતાનું ગળું કાપવા માટે વપરાયેલ હથિયાર મેળવવા માટે આરોપીઓને એક સ્થળે લઈ જવામાં આવ્યા હતા.' છરી કબજે કર્યા પછી પાછા ફરતી વખતે, શંકાસ્પદ લોકોના સાથીઓએ પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો. જવાબી ગોળીબારમાં, ચારેય શંકાસ્પદો માર્યા ગયા જ્યારે તેમના સાથીઓ ભાગી જવામાં સફળ રહ્યા.

# રૂ. ૮૫ હજાર કરોડમાં કેસ પતાવટ કરવાની જોહ્નસન એન્ડ જોહ્નસનની ઓફર કોર્ટે ફગાવી

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૨

યુએસ નાદારી કોર્ટે જોહ્નસન એન્ડ જોહ્નસનની ઓફરને ફગાવી દીધી હતી, જેમાં કંપનીએ વિવાદના સમાધાનના બદલામાં $૧૦ બિલિયન એટલે કે લગભગ રૂ. ૮૫,૬૫૫.૮૨ કરોડ ચૂકવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ સાથે, બાળક અને અન્ય ટેલ્કમ પાવડરમાં કેન્સર પેદા કરતા ઘાતક રસાયણોની હાજરી અંગે હજારો મુકદમાનો સામનો કરી રહેલી કંપનીની નાદારીની વ્યૂહરચના




ત્રીજી વખત કોર્ટમાં નિષ્ફળ ગઈ છે.

હકીકતમાં,જેએન્ડજે તેની એક પેટાકંપનીને મુકદમામાંથી બહાર કાઢવા માટે નાદાર જાહેર કરવા પર કામ કરી રહી છે. આ ત્રીજી વખત હતું જ્યારે વિવાદના સમાધાન માટે મોટી રકમની ઓફર કરવામાં આવી હતી. જોકે, હ્યુસ્ટન નાદારી કોર્ટમાં કેસની સુનાવણી કરતા ન્યાયાધીશ ક્રિસ્ટોફર લોપેને જણાવ્યું હતું કે કંપની નાદારી પ્રક્રિયા માટે પાત્ર નથી. ન્યાયાધીશે જણાવ્યું હતું કે આ કેસ એવી સંસ્થાઓ સામેના કાનૂની દાવાઓથી ઘણો આગળ વધે છે જેમણે પોતે નાદારી નોંધાવી નથી. આમાં J&J ના ઉત્પાદનો વેચતા રિટેલર્સ અને Canvey, એક ગ્રાહક આરોગ્ય વ્યવસાયનો સમાવેશ થાય છે જેને કંપની ૨૦૨૩ માં શરૂ કરશે.

તેની દરખાસ્ત નામંજૂર થયા પછી, J&J એ કહ્યું કે તે અપીલ કરશે નહીં. કંપની હવે વિવાદનું સમાધાન કરવાને બદલે કેસ લડવા અને આરોપો સામે કાનૂની લડાઈ જીતવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. કંપનીએ એવી પણ જાહેરાત કરી કે તે અગાઉ રાખેલા $૭ બિલિયન અનામતને પાછી ખેંચી લેશે.

# રાજયમાં ગરમીના મોજા સાથે કમોસમી વરસાદની આગાહી : હવામાન વિભાગ

અમદાવાદ,તા.૦૨

ગુજરાતના હવામાન વિભાગે રાજ્યના હવામાનમાં ફેરફારની આગાહી કરી છે. રાજ્યમાં ગરમીના મોજાની આગાહી સાથે વાવાઝોડાની પણ શક્યતા છે. ગુજરાતમાં ઓરેન્જ હીટ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની પણ આગાહી છે. આવી સ્થિતિમાં, વિચિત્ર હવામાન પરિસ્થિતિઓ સર્જાવાની શક્યતા છે. ગુજરાતમાં વરસાદની શક્યતાને કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે, એક તરફ કેરીની મોસમ શરૂ થઈ રહી છે, બીજી તરફ વરસાદે ચિંતા વધારી દીધી છે, જ્યાં ફળો હજુ નાના છે અથવા ફૂલો ખીલી રહ્યા છે, ત્યાં વરસાદ અને જોરદાર પવનને કારણે ફૂલો કે નાના ફળો ખરી પડશે તેવી ચિંતા વધી રહી છે.



હવામાન વિભાગે રાજ્યમાં ઓરેન્જ અને યલો એલર્ટ સાથે ગરમીના મોજાની શક્યતા વ્યક્ત કરી છે. જેમાં પોરબંદરમાં ગરમીના મોજાનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના ભાવનગર, કચ્છ અને દીવમાં ગરમીના મોજાનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યાં દિવસ દરમિયાન તીવ્ર ગરમી પરેશાન કરી શકે છે અને વરસાદની પણ અપેક્ષા છે. એટલુ જ નહીં વાવાઝોડાની શક્યતા પણ વ્યક્ત કરી છે. જેમાં વીજળીના કડાકા સાથે હળવો વરસાદ થવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓ તેમજ ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા છે.

# ડીસામાં ફટાકડાની ફેકટરીમાં આગ બાદ રાજ્યના અનેક શહેરોમાં પોલીસની તપાસ

અમદાવાદ,તા.૦૨

ઉનાળાની સિઝન શરૂ થાય એટલે આગ લાગવાના બનાવોમાં સતત વધારો થતો હોય છે, જેના કારણે ઘણી વખત લોકોના જીવ પણ જતા હોય છે. ગઈકાલે ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગતાં ૨૧ લોકોનાં મોત થયાં છે. જેને પગલે હવે અમદાવાદ જિલ્લા પોલીસે પણ ૧૦૦થી વધુ ફટાકડા મેન્યૂફેક્ચરિંગમાં સરપ્રાઈઝ ચેકિંગ શરૂ કર્યુ છે.



ડીસામાં લાગેલી આગ બાદ અમદાવાદ જિલ્લા પોલીસ એલર્ટ થઈ ગઈ હતી. આગકાંડની આ ઘટનાને કારણે આખા ગુજરાતમાં સન્નાટો વ્યાપી ગયો છે અને તેના પડઘા ગાંધીનગર, દિલ્હી અને અમદાવાદ સુધી પડ્યા છે. પોલીસે આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. અમદાવાદના ૧૦૦થી વધુ ફટાકડાનાં ગોડાઉન તેમજ મેન્યુફેક્ચરિંગ યુનિટમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. ડીસામાં ખેલાયેલા મોતના તાંડવ બાદ અમદાવાદ જિલ્લા પોલીસ હરકતમાં આવી ગઈ હતી. ગઈકાલે વિવેકાનંદનગર પોલીસ, કણભા પોલીસ તેમજ અસલાલી પોલીસની ટીમ ૧૦૦થી વધુ ફેક્ટરીઓમાં જઈને સરપ્રાઈઝ ચેકિંગ કર્યું હતું.

# સુરત પોલીસે રૂ. ૨૯.૯૪ લાખના ગાંજા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો

સુરત,તા.૦૨

સુરત શહેર પોલીસ દ્વારા 'નો ડ્રગ્સ ઈન સુરત સિટી અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત ડ્રગ્સ અને ગાંજા સહિતના માદક પદાર્થનું વેચાણ કરતા અનેક ઈસમોને અત્યાર સુધીમાં પોલીસ દ્વારા પકડવામાં આવ્યા છે. ત્યારે સારોલી પોલીસે પણ હાઈબ્રિડ ગાંજા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. આ ઈસમ પાસેથી પોલીસને ૯૯૮ ગ્રામ હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો છે. તેની બજાર કિંમત ૨૯,૯૪,૦૦૦ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. સારોલી પોલીસને બાતમી મળી હતી કે, અંબાબા કોલેજના ગેટ પાસેથી કેનીલ પટેલ નામનો શખ્સ ગાંજાના મુદ્દામાલ સાથે પસાર થવાનો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને તેને પકડી પાડવામાં સફળતા મેળવી હતી. આરોપી કેનીલની તપાસ કરતા તેની પાસેથી ૯૯૮ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. ગાંજાની હેરફેર કરનાર આ શખ્સનું નામ કેનીલ પટેલ છે, જે સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં રહે છે.

**ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડનું સંયુક્ત ઓપરેશન**

# મુંબઈ પાસે દરિયામાંથી ૨૫૦૦ કિલો ડ્રગ્સ ઝડપાયું, ગુજરાત આવતું હોવાની શંકા

અમદાવાદ,તા.૦૨

પશ્ચિમ ભારતના સમુદ્ર કિનારે એક મોટા ઓપરેશનમાં ભારતીય નૌકાદળે કોસ્ટગાર્ડ સાથે સંયુક્ત રીતે પાર પડાયેલા એક ઓપરેશનમાં ૨૫૦૦ કિલો ડ્રગ્સ જેમાં ૨૩૮૬ કિલો હસીસ અને ૧૨૧ કિલો હેરોઈન ઝડપી પાડયું છે અને તેની સાથે આ ડ્રગ્સની હેરાફેરીમાં સંડોવાયેલા શખ્સોની ધરપકડ કરી છે.



મુંબઈ હેડકવાર્ટર પરથી આ ઓપરેશન હાથ ધરાયું હતું.

**૨૩૮૬ કિલો હસીસ, ૧૨૧ કિલો હેરોઈન ઝડપાયું**

જેમાં હેલિકોપ્ટર મારફત ડ્રગ્સની હેરાફેરી પર વોચ ગોઠવાઈ હતી. આ ડ્રગ્સ ગુજરાતના કોઈ દરિયા કિનારે ઉતારવાનું હોવાની પણ આશંકા વ્યકત કરાઈ છે.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.માં વિદ્યાર્થિની સાથે રેગિંગ થતા ચકચાર

સુરત,તા.૦૨

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)માં રેગિંગનો મામલો સામે આવ્યો છે. યુનિવર્સિટીના એક ડિપાર્ટમેન્ટની વિદ્યાર્થિનીએ અન્ય ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થી વિજય આહિર વિરુદ્ધ રેગિંગની લેખિત અને મૌખિક ફરિયાદ આપી છે. જેમાં જણાવ્યું છે કે, વિજય આહિરે મને જાહેરમાં માફી મંગાવી અને ઘરમાં ઘૂસી મારવાની ધમકી આપી છે. વિદ્યાર્થિનીની લેખિત અને




મૌખિક બંને ફરિયાદના પગલે યુનિવર્સિટી એક્શનમાં આવી છે અને તાત્કાલિક ધોરણે આ મામલે તપાસના આદેશ આપ્યા છે. વિદ્યાર્થિનીની આ ફરિયાદ એન્ટી રેગિંગ સેલને રિફર કરવામાં આવશે. ત્યારબાદ રિપોર્ટના આધારે કાર્યવાહી કરાશે.

# અમદાવાદ પોલીસે ૧ મહિનામાં જ ૧૫૦ કરતા વધુ ગુનેગારોને પાસા હેઠળ જેલમાં ધકેલ્યા, ૩૩ તડીપાર

અમદાવાદ,તા.૦૨

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર જી.એસ. મલિકની સૂચના મુજબ ગુનાખોરી અટકાવવા અને ગુનેગારો પર લગામ કસવા પાસા-તડીપાર જેવી સપ્પાઈ દાખવી છે. અમદાવાદ શહેરના આવા ૧૫૦થી વધુ કુખ્યાતોને પાસા હેઠળ જેલમાં ધકેલ્યા છે તો ૩૩ જેટલા ગુનેગારોને રાજ્ય બહાર તડીપાર કરવામાં આવ્યા છે. જણાવી દઈએ કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી. એસ. મલિકે શહેરમાં ગુનાખોરી અને ગુનેગારો પર લગામ કસવા સપ્પાઈ દાખવી છે. અમદાવાદ



શહેરમાં અસામાજીક તથા ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઈસમો વિરુધ્ધ અટકાયતી પગલાંઓનો અસરકારક અને દાખલારુપ ઉપયોગ કરવા માટે શહેરના તમામ સુપરવાઈઝરી અધિકારીઓ તેમજ થાણા અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. પોલીસ કમિશ્નરની સૂચનાનો અમલ કરતાં અમદાવાદ શહેર ગુના નિવારણ શાખા(પી.સી.બી.) દ્વારા શહેરના થાણા અધિકારીઓ સાથે સતત સંકલનમાં રહીને શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિ કરતા ઈસમો સામે પાસા-તડીપારનો અમલ કર્યો છે. આવા ગુનેગારોને પકડીને રાજ્યની અન્ય જેલોમાં મોકલી દેવાયા છે. તો ક્યાંક રાજ્યબહાર તડીપાર પણ કરવામાં આવ્યા છે.

# બનાસકાંઠામાં નર્મદાની કેનાલમાં કાર ખાબકતા ત્રણ બાળકો સહિત ચારના મોત, મહિલાની શોધખોળ

થરાદ,તા.૦૨

બનાસકાંઠામાં નર્મદાની મુખ્ય કેનાલમાં કાર ખાબકી હોવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં કારમાં સવાર ત્રણ બાળકો સહિત ચાર લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. જ્યારે એક મહિલાની શોધખોળ ચાલી રહી છે. સમગ્ર ઘટનાને પગલે થરાદ નગરપાલિકાની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે.



બનાસકાંઠામાં વાવના દેવપુરા નજીક નર્મદા કેનાલમાં કાર ખાબકતાં ૪ના મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું છે. જેમાં એક પુરુષ, ૩ બાળકોના મૃતદેહ કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, કારમાં સવાર પરિવાર દિયોદરના ભેંસાણા ગામે માતાજીના દર્શન કરીને પરત ફરી રહ્યો હતો, ત્યારે અચાનક કાર રોડની સાઈડમાં ઉતરી જતાં કેનાલમાં ખાબકી હતી. સમગ્ર ઘટનાને પગલે પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. આ દુર્ઘટનામાં એક મહિલાની હજુ શોધખોળ ચાલી રહી છે.




# ધારાસભ્ય કુમાર કાનાણીના ખોટા સહી-સિક્કા બનાવી આધારકાર્ડ બનાવનાર ઝડપાયો

સુરત,તા.૦૨

સુરતમાં વરાછા વિધાનસભાના ધારાસભ્ય કુમાર કાનાણીના ખોટા સહી-સિક્કા બનાવી આધારકાર્ડ-પાનકાર્ડ બનાવવાના રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.



MBAનો વિદ્યાર્થી છેલ્લા સાડા ત્રણ મહિનાથી ઓફિસ ભાડે રાખી રેકેટ ચલાવતો હતો. કાપોદ્રા પોલીસને બાતમી મળતા એક ઓપરેશન હાથ ધરી ૨૬ વર્ષીય દીપક પટનાયકની ધરપકડ કરી છે. MBAનો અભ્યાસ કરતો યુવક મૂળ ઓડિશાનો હોવાથી સહી-સિક્કા પણ ઓડિશાથી બનાવી લાવ્યો હતો. જેથી સહી-સિક્કા બનાવી આપનારને વોન્ટેડ જાહેર કરાયો છે.

# ડીસા અગ્નિકાંડમાં ગોડાઉનના માલિક ખૂબચંદ અને પુત્ર દીપક સામે માનવ વધનો ગુનો દાખલ

ડીસા,તા.૦૨

ડીસાના ઢુંવામાં ફટાકડાની ગેરકાયદે ચાલતી ફેકટરીમાં ગઈ કાલે સવારે ભયંકર બ્લાસ્ટ બાદ ભીષણ આગ લાગી હતી આ ઘટનામાં ૨૧ શ્રમિકોના મૃત્યુ થયા છે. તમામ શ્રમિક મધ્યપ્રદેશથી અહીં કામ માટે આવ્યાં હતા અને ૨ દિવસ પહેલા જ તેમણે ફેકટરીમાં કામ કરવા માટે જોઈન કર્યું હતું. ત્યારે હવે આ સમગ્ર મામલે એસપી અક્ષયરાજ મકવાણાએ



પત્રકાર પરિષદ યોજીને માહિતી આપી છે. આપને જણાવી દઈએ કે, એસપી અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે, આરોપીઓ છેલ્લા ૧૮ વર્ષથી ફટાકડાનો ધંધો કરતા હતા. 'આ કેસમાં આરોપી પિતા-પુત્ર સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધવામાં આવ્યો છે.'







